CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : 33૬
તા.૧૪-૦૧-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ પોષ વદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૧૪

તાપમાન
ડીસા ૧૭.૫ | વડોદરા ૧૬.૬
અમદાવાદ ૧૮.૫ | સુરત ૨૨.૮
ગાંધીનગર ૧૭.૫ | નલિયા ૧૪.૪

ચાંદી : ૩૯,૩૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# પ્રાંસલાની શિબિરમાં આગ : ત્રણ કિશોરી ભડથુ

## પ્રાંસલાની આગ દુર્ઘટનાને લઇ ગુજરાત સહિત દેશભરમાં હાહાકાર : ૨૧ કિશોરીઓ ગંભીર રીતે દાઝી, અનેક ગંભીર : સરકાર દ્વારા મૃતક કિશોરીઓના પરિવારજનોને ચાર-ચાર લાખ રૂપિયાની સહાયની જાહેરાત

અમદાવાદ

રાજકોટ જિલ્લાના ઉપલેટાથી ૩૦ કિલોમીટર દૂર આવેલા પ્રાંસલા ખાતે ચાલી રહેલી રાષ્ટ્રકથા શિબિરમાં વિદ્યાર્થીનીઓના ટેન્ટમાં ગઈકાલે મોડી રાત્રે શોર્ટ સર્કીટના કારણે ભયાનક આગ ફાટી નીકળતાં ત્રણ શિબિરાર્થી કિશોરીઓ ભડથું થઇ ગઇ હતી. જો કે, હજુ મોતનો આ આંક વધે તેવી પણ શકયતાઓ વર્તાઇ રહી છે. બીજીબાજુ, આગની આ ભયંકર દુર્ઘટનામાં ૨૧ જેટલી કિશોરીઓ ગંભીર રીતે દાઝી જતાં તેઓને રાજ-કોટ સહિતની અન્ય સરકારી તેમ જ ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે દાખલ કરાઇ હતી. પ્રાંસલાની રાષ્ટ્રકથા શિબિરમાં આગ દુર્ઘટના અને જાનહાનિને પગલે ગુજરાત સહિત સમગ્ર દેશભરમાં ભારે હાહાકાર મચી ગયો છે. દુર્ઘટનાની ગંભીરતા ધ્યાને લઇ રાજય સરકારે સમગ્ર મામલામાં રાજકોટ કલેકટરને તપાસના આદેશો જારી કર્યા છે. સાથે સાથે ત્રણ મૃતક કિશોરીઓના પરિવારજનોને ચાર-ચાર

અનુસંધાન પાના નં.૬



### કિશોરીઓ ડરની મારી થરથર કાંપતી હતી.....

રાજકોટ જિલ્લાના ઉપલેટાથી ૩૦ કિલોમીટર દૂર આવેલા પ્રાંસલા ખાતે ચાલી રહેલી રાષ્ટ્રકથા શિબિરમાં વિદ્યાર્થીનીઓના ટેન્ટમાં ગઈકાલે મોડી રાત્રે શોર્ટ સર્કીટના કારણે ભયાનક આગ ફાટી નીકળતાં ત્રણ શિબિરાર્થી કિશોરીઓ ભડથું થઈ ગઈ હતી. આ ભયાનક આગની દુર્ઘટનામાં સપડાઈ ગયેલી અને ગંભીર દાઝી ગયેલી તેમ જ માંડ માંડ બચી ગયેલી કિશોરીઓ આર્મીના જવાનોએ જયારે બચાવી ત્યારે ડરના માર્યા રીતસરની થરથર કાંપતી હતી. આર્મીના જવાનોએ સૌપ્રથમ તો કિશોરીઓને સલામત સ્થળે ખસેડી હતી અને ત્યારબાદ તેઓના મનમાંથી ડર દૂર કરવા માટે ખાસ પ્રકારે કાઉન્સેલીંગ કરવાની ફરજ પડી હતી. જો કે, કિશોરીઓના માનસપટ પર આગની જવાળાઓની ભયાવહતા સ્પષ્ટ વર્તાતી હતી. જે જોઈ સત્તાધીશોએ ખુદ દુર્ઘટનાની ગંભીરતા સ્વીકારી હતી.

## વિચાર વૈભવ...

### પગાર વધારો !

એ વખતે હું બોચાસણ વલ્લભ વિદ્યાલયમાં રહેતો હતો. ત્યાં શિક્ષકોનો તાલીમવર્ગ ચાલતો હતો. રોજ સવારે તેનો એક વર્ગ હું લેતો હતો. વર્ગમાં જાઉં ત્યારે શિક્ષકો રોદણાં રડેઃ ‘‘પેટનું પૂરું ન થતું હોય, ત્યાં અમે શું ભણાવીએ!’’ આમ રોજ મારી આગળ ઓછા પગારની ફરિયાદો કરતા રહે.

વિદ્યાલયમાં ચા- બીડી પીવાની મનાઈ હતી. એટલે એ શિક્ષકો નજીકમાં સ્ટેશન હતું. ત્યાં હોટલમાં જઈને ‘કોપ’ કરી આવે, અને તલપ લાગે ત્યારે વિદ્યાલયની બાજુના ખેતરમાં ‘ગોળમેજી પરિષદ’ ભરીને બીડીના ધુમાડા ઉડાડે, એ મારા જોવામાં આવતું.

એક દિવસ, શિક્ષકોના પગાર વધારવાની યુક્તિ અને અચાનક સૂઝી ગઈ. સવારે હસતો હસતો હું વર્ગમાં ગયો ને શિક્ષકોને મેં કહ્યું, ‘‘ આજે કોઈ પણ રીતે તમારો પગાર પંદર રૂપિયા તો વધારવો, એવું નક્કી કરીને આવ્યો છું. પણ તેમાં તમારી મદદ જોઈશે.’’ શિક્ષકો બધા રાજી રાજી થઈ ગયા ને કહેવા લાગ્યા, ‘‘બોલો, શી મદદ જોઈએ છે?’’

મેં કહ્યું, ‘‘આજથી ચા- બીડી છોડો, એટલે તમારો પગાર પંદર રૂપિયા વધી જ ગયો સમજો. ચા- બીડીથી તમને કશો ફાયદો થતો નથી; નકામા પૈસા જ ખરચાય છે. એ છોડો ને બદલામાં દાણા- દૂધ- ઘી લાવીને ખાવ!’’

મારી વાત સાંભળીને એમનાં ખીલેલાં મોઢાં ઊતરી ગયાં.

રવિશંકર વ્યાસ (મહારાજ)

## સાર સમાચાર...

### ૧૪૩૩ વકીલોને ૩ કરોડથી વધુની માંદગી સહાયતા મળી

અમદાવાદ

ગુજરાત બાર કાઉન્સીલની છેલ્લી ટર્મમાં એટલે કે, છેલ્લા પાંચ વર્ષો દરમ્યાન ગુજરાત ભરના ૧૪૩૩ વકીલોને બીસીઆઇ એડવોકેટ વેલ્ફેર કમીટી ફોર ધી સ્ટેટની સ્કીમ અંતર્ગત ગુજરાત બાર કાઉન્સીલ દ્વારા રૂ.૨.૫૦ કરોડ માંદગી સહાય પેટે ચૂકવવામાં આવ્યા છે. તદુપરાંત, આવા વકીલોને માંદગી સહાયમાં મદદરૂપ થવા બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ઈન્ડીજન્ટ ફંડમાંથી રૂ.૩૦ લાખ અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના વિશેષ ફંડમાંથી વધારાના રૂ.૨૫ લાખની સહાય પણ આ વકીલોને ચૂકવવામાં આવી હતી.

## અંકબંધ

આજે તા. ૧૪/૧/૨૦૧૮ ને રવિવારના રોજ મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે ‘રખેવાળ’ કાર્યાલય બંધ રહેશે. જેથી તા. ૧૫/૧/૨૦૧૮ ને સોમવારનો અંક પ્રસિધ્ધ થઈ શકશે નહિં. જયારે તા. ૧૬/૧/૨૦૧૮ ને મંગળવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ કરાશે. જેની વાંચકો, વિજ્ઞાપન દાતાઓ અને એજન્ટ મિત્રોએ નોંધ લેવી.

-વ્યવસ્થાપક

# રાજસ્થાન : જયપુરમાં ગેસ સિલિન્ડર ફાટતા પના મોત

જયપુર

રાજસ્થાનના પાટનગર જયપુરના વિદ્યાસાગર નગર ક્ષેત્રમાં આજે વહેલી સવારે ગેસ સિલિન્ડર ફાટતા એક જ પરિવારના પાંચ લોકોના મોત થયા હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી પરંતુ પાંચ લોકોના જીવ બચાવી શકાયા ન હતા. બે ગેસ સિલિન્ડર ફાટતા અફડાતફડી મચી ગઇ હતી. મળતી માહિતી મુજબ બ્લાસ્ટ અને આગ લાગવાની ઘટના આજે વહેલી પરોઢે ચાર વાગે બની હતી. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. માર્યા ગયેલા તમામ લોકોની ઓળખ કરી દેવામાં આવી છે. પોલીસના કહેવા મુજબ આગ અને ગેસ સિલિન્ડરની ઘટનામાં મહેન્દ્ર ગર્ગ, અર્પિતા, અપૂર્વા, અનિમેષ અને સૌમ્યાના મોત થયા હતા. મકાન માલિક સંજીવ ગર્ગ અને તેમની પત્નિ ઘટનાના વખતે ઉપસ્થિત ન હતા. તાજેતરના સમયમાં આગની ઘટનામાં સતત વધારો થયો છે. આ બનાવ બાદ આજે સમગ્ર જયપુરમાં આની ચર્ચા રહી હતી.

# ૨૦૦૦ની નોટ પાછી ખેંચાશે? એટીએમમાં ભરવાનું બંધ કરાયું



નવી દિલ્હી

સરકારે ૨૦૦૦ રૂ.ની નોટનું ચલણ માર્કેટમાંથી ઓછુ કરવાના પગલા લેવાની શરૂઆત કરી છે. આનાથી સંકેત મળે છે કે આવતા દિવસોમાં ધીમે-ધીમે રૂ.૨૦૦૦ ની કનિદૈ લાકિઅ નોટ ચલણમાંથી બહાર થઈ શકે છે. બેંકોને જણાવાયુ છે કે, તેઓ પોતાના એટીએમમાં ૨૦૦૦ની નોટ ન ભરે. આ સિવાય બેંકોને મળતી કેશમાં ૨૦૦૦ રૂ.ની નોટ આપવામાં કનિદૈ લાકિઅ આવતી નથી. બેંકોએ અકિલા પોતાના એટીએમ સેલને નિર્દેશો આપ્યા છે કે તેઓ હવે રૂ.૨૦૦૦ની નોટ એટીએમમાં ન ભરે. એટીએમમાં રૂ.૨૦૦૦ના ખાંચાને દુર કનિદૈ લાકિઅ કરી તેની જગ્યાએ રૂ.૫૦૦ અને રૂ.૨૦૦ની નોટના ખાંચા લગાવવામાં આવશે એટલે કે એટીએમમાં અકીલા નાની નોટો ભરવામાં આવશે. અત્રે એ નોંધનીય છે કે રિઝર્વ કનિદૈ લાકિઅ બેંકે પહેલા રૂ.૨૦૦૦ની નવી નોટ ન છાપવાનો નિર્ણય લીધો છે હવે રૂ.૨૦૦૦ની જગ્યાએ ૫૦૦ અને ૨૦૦ની નોટની છપામણી થઈ રહી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે કનિદૈ લાકિઅ સરકારની હાલ તુર્તની યોજના ચરણબધ્ધ રીતે એટ-ીએમમાંથી ૨૦૦૦ની નોટનો ઉપાડ સમાપ્ત કરવાનો છે આની જગ્યાએ નાની નોટ જ એટ-ીએમમાં ભરવામાં આવશે. ૫૦૦ કનિદૈ લાકિઅ અને ૨૦૦ રૂ.ની નોટની સાથે જ રૂ.૧૦૦ની નોટ પણ એટીએમમાં ભરવામાં આવશે. આનો અર્થ એ છે કે આવતા સમયમાં એટીએમ માંથી રૂ.૨૦૦૦ની નોટ મળવાનુ બંધ થશે. બેન્કીંગ કનિદૈ લાકિઅ વર્તુળોના જણાવ્યા પ્રમાણે ટુંક સમયમાં એવો આદેશ આવી શકે છે કે બેંકોએ રૂ.૨૦૦૦ની નોટ ગ્રાહકો પાસેથી લેવાની પરંતુ આપવાની નહી એટલે કનિદૈ લાકિઅ કે બેંકો રૂ.૨૦૦૦ની નોટ સ્વીકારશે પરંતુ ગ્રાહકોને આપશે નહી. આ રીતે સરકાર ૨૦૦૦ની નોટનું ચલણ ધીમે-ધીમે બંધ કરી દેવા માંગે છે.

# થરાદમાંથી આરઆરસેલે પકડેલા વિદેશીદારૂના મુદ્દે બે પોલીસકર્મીઓ સસપેન્ડ કરાતાં ખળભળાટ

### પીઆઈ સહિત એક કોન્સ્ટેબલની પણ જીલ્લા પોલીસવડા દ્વારા બદલી કરાતાં પોલીસબેડામાં ધાક

થરાદ

ગત ૮મી જાન્યુઆરીના રોજ ભુજની આર આર સેલ પોલીસે થરાદ ડીસા રોડ પર આવેલા જેતડા ગામ પાસેથી વિદેશી દારૂની ૬૯૧૨ બોટલના જથ્થાને ચોખાનાં કટ્ટાંની આડાશમાં લવાતો કુલ રૂ. ૫૪,૫૨,૦૦૦નો મુદ્દા માલ ઝડપી લેતાં થરાદ પોલીસ ઉંઘતી ઝડપાઇ હતી.જોકે આ ટ્રેલર રાજસ્થાનની બોર્ડર પાર કરીને છેક થરાદના જેતડા સુધી આવી ગયું હોવાના કારણે તે કયા તાલુકાની બોર્ડર પાર કરીને આવ્યું હશે તે પણ ચર્ચાસ્પદ બન્યું હતું. આથી જીલ્લા પોલીસવડા દ્વારા કડક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ મામલામાં ટ્રક ચાલક કલીનરની પ્રાથમિક પુછ પરછમાં જ થરાદ પોલીસના કેટલાક કર્મચારીઓ પણ સામેલ હોવાની ગંધ આવતાં જીલ્લા પોલીસવડા નિરજ બડગુજરે તાજેતરમાં થરાદ ખાતે મદદનીશ એસપી તરીકે ફરજ બજાવી ચુકેલા પ્રશાંત સુંબેને તપાસ આપતાં તેમણે અને એલસીબી પોલીસે પણ ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં ખોડાચેક પોસ્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓના મોબાઇલ નંબર કોલ ડીટેઇલમાં આવતાં બે કર્મચારીઓ અશોકભાઇ દાંનાભાઇ અને રમેશભાઇ પરખાજીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું. જયારે થરાદ મુકામે તાજેતરમાં જ નિમાયેલા પીઆઇ કે એસ ચૌધરી તથા લાંબા સમયથી ફરજ બજાવતા કોન્સ્ટેબલ સુરેશભાઇ સાંમતાભાઇની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી હતી.આ બનાવને પગલે થરાદ સહિત બનાસકાંઠા પોલીસ બેડામાં ખળભળાટ સાથે ચકચાર મચવા પામી હતી.

### ૩ શિબીરાર્થી મૃતકોના પરિવારજનોને ૪ લાખની સહાયઃ વિજયભાઇ રૂપાણી

રાજકોટ

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પ્રાંસલામાં શિબિર દરમ્યાન થયેલી આગની દુર્ઘટના પ્રત્યે દુઃખ વ્યકત કરી આ સમગ્ર ઘટનાની તપાસ માટે રાજકોટ કલેકટરને આદેશો આપ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલી ૩ શિબિરાર્થી દીકરીઓ પ્રત્યે સંવેદના વ્યકિત કરી તેમના પરિવારજનોને મુખ્યમંત્રી રાહત નિધિમાંથી ૪ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. તેમણે આ આગની ઘટનાની જાણકારી મળતા જ રાજકોટ જિલ્લા વહીવટી તંત્રને બચાવ અને મદદ માટે સંપર્ક કરીને વિગતવાર માહિતી મેળવી હતી.

# અમીરગઢના ખારા નજીક કારની લૂંટ કરનાર આરોપી ઝડપાયો

### અમીરગઢ પોલીસે સોશીયલ મીડિયાના માધ્યમથી ભેદ ઉકેલ્યો

પાલનપુર

ગઈ તા.૦૩/૧૧/૧૭ ના રોજ અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનથી પાંચ અજાણ્યા ઈસમો ડ્રાયવર સલીમ કાસીમભાઈની સ્વીફ્ટ કાર નં,જીજે૦૧ઝેડ૦૩૭૯ ની પાલનપુરથી આગળ જવાના ભાડાથી નક્કી કરી ઈકબાલગઢ નજીક ખારા ગામના જંગલ વિસ્તારમાં આવતા ડ્રાયવર ને મારમારી સાંચોરના લાછીવાડ ગામ સીમમાં સ્વીફ્ટ કારની લૂંટ કરી નાસી જવા બાબતે અમીરગઢ પોસ્ટેમાં ધાડનો ગુનો દાખલ થયેલ જે ધાડનો ગુનો શોધી કાઢવા શ્રી નીરજ કુમાર બડગુજર પોલીસ અધિક્ષક સાહેબ બનાસકાંઠા, પાલનપુરે અલગ અલગ ટીમો બનાવેલ તે પોલીસની ટીમો આ ગુનો શોધી કાઢવા સતત પ્રયત્નશીલ હતી દરમ્યાન શ્રી પી.સી. દેસાઈ પોલીસ સબ ઈન્સ્પેકટર અમીરગઢ પોસ્ટેને ખાનગી રાહે બાતમી મળેલ કે આ ગુનામાં સાયલા જી.જાલોર રાજસ્થાનની ચૌધરી ગેંગના માણસો સંડોવાયેલ હોય શકે જે હકીકતને આધારે સાયલા પોસ્ટેના પોસઇ અરવિંદજી પુરોહિતસાને આ ગુનાની માહિતી તથા સીસીટીવી ફૂટેજ આપ લે કરવામાં આવેલ હતી. દરમ્યાન શ્રી પી.સી.દેસાઈ પોસઇ અમીરગઢની માહિતી મળેલ કે આ ગુનાનો એક આરોપી સાયલા પોસ્ટેમાં પકડાયેલ છે જે આધારે અમીરગઢ પોલીસની ટીમ સાયલા જઇ તપાસ કરતા ત્યાંના ગુનામાં પકડાયેલ આરોપી મહેન્દ્રકુમાર મોટારામ ચૌધરી રહે.સાયલાવાળાએ તેના સાગરીતો સાથે મળી આ ગુનો કરેલ હોવાની હકીકત જણાય આવતા આજરોજ ઉપરોક્ત આરોપીની અમીરગઢ પોલીસે ધરપકડ કરેલ છે.

### આરોપીનો ગુનાહિત ઇતિહાસ

પકડાયેલ આરોપી મહેન્દ્રકુમાર ચૌધરી અગાઉ સને ૨૦૧૪માં ગુજરાતના વડોદરામાં આશરે ૭૪ લાખની આંગડિયા લૂંટના ગુનામાં પકડાયેલ છે. આ ઉપરાંત આરોપી રાજસ્થાનના સાયલા તથા જાલોર શહેરમાં ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ છે આરોપીની ગેંગના માણસો રાજસ્થાન રાજયના છે તેઓ પણ ઘણા બધા ગુનાઓમાં સંડોવાયેલ હોવાની શક્યતા રહેલી છે આરોપીની પૂછપરછ કરી ગુજરાત તથા રાજસ્થાનના બીજા ઘણા વાહન ચોરી તથા લૂંટના ગુના ડિટેક થવાની શક્યતા રહેલી છે

# સુરતમાં હિટ એન્ડ રનમાં તિરૂપતિ સાડીના માલિકનું મોત

### આનંદ સુરેકાનું મોત : વેસુ વિસ્તાર માં ટ્રક ચાલક ટક્કર મારી ફરાર



સુરત

સિટી લાઇટ રોડ સૂર્યા પેલેસ ખાતે રહેતા શહેરની જાણીતી સાડીની બ્રાન્ડ તિરૂપતિ સાડીના માલિકને ગઇ મોડી રાત્રે ટ્રક ચાલકે વેસુ રોડ પર જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટના એટલી ક્રુર હતી કે, આ યુવાન વેપારીના શરીરના બે ટુકડા થઇ ગયા હતા. તેમની લાશને મોડી રાત્રે પોસ્ટ મોર્ટમ અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જવાતા વેપારીઓ નવી સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા.

પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર, સિટી લાઇટ રોડ સૂર્યો પેલેસ ખાતે રહેતા અને રિંગરોડ ટેક્સટાઇલ માર્કેટ વિસ્તારમાં તિરૂપતિ સાડીના નામે કારોબાર કરતા આનંદ નવલ સુરેકા(ઉ.વર્ષ-૪૨) ગત રોજ સાંજે પોતાની ક્રેટા કાર મારફત આભવા ગયા હતા. જયાંથી સાંજે આઠ વાગ્યાના સુમારે તેઓ પરત ફર્યા હતા અને વેસુ ગણપતિ મંદિર નજીક પોતાની કાર પાર્ક કરી અને રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે તેમને અજાણ્યા ટ્રક ચાલકે જોરદાર ટક્કર મારી હતી. વર્તમાન ન્યૂઝ આ ટ્રક ચાલકે એવી જોરદાર ટક્કર મારી હતી કે, સાડીના વેપારી આનંદ કુમાર સુરેકાના શરીરના બે ટુકડા થઇ ગયા હતા અને ઘટના સ્થળ પર જ તેમનું કમકમાટી ભર્યું મોત થયું હતું.

બનાવ અંગે જાણ થતા ડુમસ પોલીસ તુરંત ઘટના સ્થળ પર દોડી આવી હતી અને તેમણે ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી હતી. જો કે, ટ્રક ચાલક ઘટના બન્યા બાદ નાસી છુટ્યો હોવાથી તે હજુ સુધી પોલીસને હાથ લાગ્યો નથી. વર્તમાન ન્યૂઝપોલીસે આનંદ કુમાર સુરેકાના શરીરના બન્ને ટુકડા પોસ્ટ મોર્ટમ અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. બનાવ અંગે સુરતના ટેક્સટાઇલ માર્કેટના વેપારીઓને જાણ થતા વેપારીઓનો મોટો સમુહ તુરંત નવી સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. આ બનાવને પગલે સમગ્ર વેપારી આલમમાં શોકની લાગણી પ્રવર્તિ રહી છે.

CMYK

સૂર્યોદય - ૭.૨૫ સૂર્યાસ્ત - ૬.૧૪

## તિથિદર્શન

પોષ વદ-૧૩ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ વદ : તેરસ રવિવાર મકરસંક્રાંતી કમુર્તા ઉતરે બપોરે ૧.૪૭ નક્ષત્ર:જયેષ્ઠા બપોરે ૧.૪૭ પછી મુળ યોગ : ધ્રુવ કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) બપોરે ૧.૧૪ પછી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### દુર્જનસ્ય વિશિષ્ટત્વં પરોપદ્રવકારણં વ્યાઘ્રસ્ય ચોપવાસે ન પારણં પશુ મારણં

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે:

'દુર્જન લોકો સેવાનો પણ કોઈ 'પ્રોજેક્ટ' લે તોપણ બીજા, સજ્જન લોકોને તેનાથી ઉપદ્રવ જ થાય છે, જેમ કે વાઘ ઉપવાસનું 'વ્રત' રાખે તોપણ જ્યારે પારણું કરે ત્યારે પશુનું જ મારણ કરવામાં આવે છે.' દુર્જન લોકો જે કંઈ પણ કરે એમાં એમનો હેતુ મેલો હોય છે. પોતાનો સ્વાર્થ તો હોય જ પણ એને કારણે એમના વિરોધીને નુકસાન કે પરેશાની કેમ થાય એ પણ એમનું ઊંડું લક્ષ્ય હોય છે., દા.ત., ગામનો સેવાભાવી - સેવક તરીકે દુર્જન રસ્તા માટે અરજી કરતો હોય પણ એની પાછળ કોઈ ખેડૂતની જમીન કેમ કપાઈ જાય એ જ તેનો હેતુ હોય છે..

અહીં દૃષ્ટાંતમાં 'વાઘના ઉપવાસ'ની વાત છે. ઉપવાસનો અંત તો કોઈ નિર્દોષ પશુના મારણથી જ આવે, તેમ દુર્જનનું કોઈ પણ કાર્ય સજ્જના સંતાપનું કારણ બને છે. સજ્જનનો નવરાત્રી ઉત્સવ, આનંદ- ભક્તિ માટે હોય પણ વિદ્યાર્થીઓ અને વૃદ્ધ દર્દી માટે તો એ ખલેલ અને ઉજાગરાનું કારણ બને છે

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનથી લાભ થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.**

**મિથુન : (ક.છ.ઘ.)મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.**

**કર્ક : (ડ.હ.) ઇચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.**

**સિંહ : (મ.ટ.)નવિન સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજન કરી શકશો.**

**તુલા : (ર.ત.) તકનો લાભ ઉઠાવી શકશો. આર્થિક લાભની તક મળે.**

**વૃશ્ચિક : (ન.ય.) વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. બીજાઓ સાથે સંઘર્ષ ટાળવો.**

**ધન : (ભ.ફ.ધ.) પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી શકશો. મનમાં આનંદ રહે.**

**મકર : (ખ.જ.)નાણાંભીડ અનુભવાય, મનમાં વ્યથા રહે.**

**કુંભ : (ગ.શ.સ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. અંગત મૂંઝવણ દૂર થાય.**

**મીન : (દ.ચ.જ.થ.)કાર્ય સફળતા માટે મહેનત કરવી પડે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

માનવસેવાના ભેખધારી ડો. આલ્બર્ટ સ્વાઈટ્ઝરનો જન્મદિન છે. એમનો જન્મ ૧૪-૧-૧૮૭૫ના રોજ જર્મનીમાં આવેલા આલ્સાસ પ્રાંતમાંના કસર્સબર્ગમાં થયો હતો.

આફ્રિકાની પછાત અને સાદી-ભોળી પ્રજા વચ્ચે બેસીને એમની સારસંભાળ લેનાર આ મહાન તબીબનું નામ વિશ્વપ્રસિદ્ધ છે.

આ મહાન લોકસેવક ડોકટરનું અવસાન ઈ.સ.૧૯૬૫માં થયું હતું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ડીસા તાલુકાના લોરવાડા મુકામે આશા સંમેલન અને એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો

પાલનપુર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર અને જિલ્લા હેલ્થ સોસાયટી બનાસકાંઠા દ્વારા ડીસા તાલુકાના લોરવાડા મુકામે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.અરૂણ આચાર્યના અધ્યક્ષસ્થાને આશા સંમેલન અને એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં માતામરણ અને બાળમરણ ઘટાડવામાં શ્રેષ્ઠા કામગીરી કરનાર ૪૨૫ આશા બહેનોનું એવોર્ડ અને પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.અરૂણ આચાર્યએ જણાવ્યું કે રાજય સરકારશ્રીના અભિગમ મુજબ આશા બહેનો ગ્રામ્યકક્ષાએ આરોગ્યની અગત્યની કડી રૂપ કામગીરી કરે છે. તેમણે કહ્યું કે આશા કાર્યક્રમ દ્વારા રાજયમાં માતામરણ અને બાળમરણ ઘટાડવામાં નોંધપાત્ર સફળતા મળી છે. તેમણે કહ્યું કે આશા બહેનોના માધ્યમમાંથી છેવાડાના ગામડાઓ સુધી આરોગ્યની યોજનાઓનો લાભ સરળતાથી પહોંચાડી શકાય છે. તેમણે જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લામાં ૨૭૯૬ આશા બહેનો અને ૨૫૦ આશા ફેસીલિટર કાર્યરત છે. તેમનામાંથી શ્રેષ્ઠ કામગીરી કરનાર બહેનોનું આજે એવોર્ડ અને પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું છે. આરોગ્ય અધિકારીશ્રીએ કહ્યું કે આશાએ આરોગ્યની વિવિધ યોજનાઓ જેવી કે રસીકરણ, જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ, મા અને મા વાત્સલ્ય યોજના, શાળા આરોગ્ય કાર્યક્રમ, સલામત માતૃત્વ, બાલસખા, જનની સુરક્ષા યોજના, સ્વચ્છ ભારત જેવા અગત્યના કાર્યક્રમમાં સામેલ થઈ લોકોનું આરોગ્ય જળવાય તે માટેના સઘન પ્રયત્નો કરે છે.

આ પ્રસંગે આશા બહેનોએ પોતે વિકટ પરિસ્થિતિમાં કરેલ કામગીરીની વાત રજુ કરી પોતાના અનુભવો રજુ કર્યા હતા. કાર્યક્રમમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.સંજય શાહ, ક્વોલીટી મેડીકલ ઓફિસરશ્રી ડૉ.મુકેશ ત્રિવેદી, પાલનપુર સીવીલના આર.એમ.ઓ.શ્રી ડૉ.પ્રણામી, એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી ડૉ.એન.કે.ગર્ગ, આઈ.ઈ.સી. ઓફિસરશ્રી વી.એમ. સુથાર, તમામ તાલુકાના હેલ્થ ઓફિસરશ્રીઓ સહિત વિશાળ સંખ્યામાં આશા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# થરાદ તાલુકા પંચાયતની વર્તમાન બોડીની છેલ્લી સાધારણસભા યોજાઇ

**છેલ્લી સાધારણસભા હોવાના કારણે વંચાણ અને બહાલી બાદ સભા આટોપાઈ**

થરાદ

ભાજપ શાસિત થરાદ તાલુકાપંચાયતની સાધારણસભા શુક્રવારની બપોરે એક વાગ્યે પ્રમુખના અધ્યક્ષસ્થાને તાલુકાપંચાયત હોલમાં મળી હતી.જેમાં ટીડીઓ ઓઝા,પ્રમુખ મઘાજી ઠાકોર,કારોબારી ચેરમેન ખાંનાભાઇ પટેલ,વિરોધ પક્ષના નેતા માંગીલાલ માળવી સહીત એક સદસ્યને બાદ કરતાં તમામ ઉપસ્થિત રહ્યા હતા.આજની સભાએ વર્તમાન બોડની છેલ્લી સાધારણ સભા હતી.આથી તેમાં કોઇ પ્રશ્નોતરી કે પ્રમુખ સ્થાનેથી પણ કોઇ મહત્વપુર્ણ મુદ્દાઓ નહી હોવાના કારણે બેઠક માત્ર ઔપચારિક બની રહી હતી.આથી ગત સામાન્યસભાના પ્રોસિડીંગના વંચાણ અને કારોબારી તથા સામાજીક ન્યાય સમિતીની બેઠકની કાર્યવાહીનો નોંધ વંચાણે લઈને તેને બહાલી આપી બેઠક પુર્ણ કરવામાં આવી હતી.જોકે બેઠક પુર્ણ કરતાં પહેલાં વિરોધપક્ષના નેતા માંગીલાલે પ્રમુખસ્થાને મુદ્દો લઇને ચુંટણીના કડદા મટી જાય એના માટે બધા સદસ્યોને રિન્યુ કરી દો તેમ જણાવતાં હાસ્યનું મોજુ ફરી વળવા પામ્યું હતું.આમ એકંદરે ગરમાગરમ માહોલમાં જોવા મળતી સામાન્યસભા હાસ્યસાથે પુર્ણ થવા પામી હતી.

# સાંપાવાડામાં રામાપીરની ઘોડા સાથેની ચાંદીની મૂર્તિની ચોરી

## મંદીરના તાળા તુટતા શ્રધ્ધાળુઓમાં રોષ

પ્રતિનિધિ ચાણસ્મા

બહુચરાજી તાલુકાના સાંપાવાડા ગામે શિયાળાની કડકડતી ઠંડીનો લાભ લઈ કોઈ અજાણ્યા ઈસમોએ ગતરોજ વહેલી સવારે ગામ વચ્ચે આવેલ શ્રી રામાપીરના મંદિરને નિશાન બનાવી આસરે ૧ કિલો ચાંદીની વજનની ઘોડાસાથેની મુર્તિ ચોરી કરી ગયા અંગેની ફરિયાદ બહુચરાજી પોલીસ સ્ટેશને શાહ મનોજકુમાર ધનજીભાઈએ નોંધાવતા પોલીસે ચોરીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગત જાણવા મળે છે. તે મુજબ સાંપાવાડા ગામે આવેલ રામાપીરના મંદિરમાં નિત્યક્રમ મુજબ આજે વહેલી સવારે લોકો દર્શન માટે જતાં મંદિરમાં મુકેલ ચાંદીની ઘોડા સાથેની મુર્તિ કોઈ હરામખોરોએ ઉઠાવી ગયા અંગેની જાણ મંદિરે દર્શને જતાં ભક્તોએ સ્થાનિક પુજારી ગૌસ્વામી ઈશ્વરભારથીને કરી હતી. તેઓએ આ ઘટનાની જાણ ગામ લોકોને કરતાં ગામના સ્થાનિક અગ્રણી શાહ મનોજકુમાર ધનજીભાઈએ બહુચરાજી પોલીસ સ્ટેશને કરતાં પોલીસ ચોરીની ફરિયાદ દાખલ કરી અજાણ્યા શખ્સો વિરૂધ્ધ આગળની તપાસ હાથ ધરી છે. આજથી એકાદ વર્ષ અગાઉ પણ તસ્કરોએ મંદિરને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપી ચાંદીના ઘોડા સહિત અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી હતી. પરંતુ તે ચોરીનો ભેદ આજદિન સુધી ઉકેલાયો નથી. ત્યાં ફરી એકવાર રામાપીરના મંદિરને નિશાન બનાવી મંદિરમાંથી રામાપીરની ઘોડા સાથેની ચાંદીની મુર્તિ અંદાજીત કિંમત રૂા.૬૦,૦૦૦ની ચોરીની ઘટનાને લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે.



### એન્જલ્સ ગુજરાતી માધ્યમ સ્કુલનું ગૌરવ

ગત તા. ૧૨/૧/૧૮ ના રોજ શ્રી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય દ્વારા સ્વામી વિવેકાનંદ વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેમાં એન્જલ્સ ગુજરાતી માધ્યમની વિદ્યાર્થીની ચૌધરી ક્રિષા આર. (માધ્યમિક વિભાગ) ભારતીય સંસ્કૃતિના ધરોહર વિશે વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ ડીસા શહેર કક્ષાએ પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્ય રાજુભાઈ મહેતાએ તેમજ ટ્રસ્ટીગણે અભિનંદન પાઠવ્યા. માર્ગદર્શક સેવંતીભાઈ ત્રિવેદીને પણ ટ્રસ્ટી તેમજ આચાર્યએ બિરદાવ્યા હતા.

# થરાદ ખાતે પતંગની દોરીથી ઘાયલ પક્ષીઓ માટે સારવાર કેમ્પ યોજાશે

થરાદ

જલારામ યુવક મંડળ દ્વારા ઉતરાયણ ના પર્વ નીમિતે દર વર્ષે થરાદ શહેરમાં પતંગની દોરીથી ઘાયલ પક્ષીઓ માટે સારવાર કેમ્પનું આયોજન છેલ્લા આઠ વર્ષથી કરવામાં આવે છે કરવામાં આવેછે.યુવક મંડળના દશરથભાઇ ઠક્કર,વિનુભાઇ ઠક્કર,હસમુખભાઇ ઠક્કર તથા યોગેશભાઇ ત્રિવેદી સહિત સેવાભાવી યુવકો દ્વારા ડૉ માધુ સાહેબના દવાખાના આગળ રવિવાર અને સોમવાર દરમ્યાન તબીબોની ટીમ સાથેનો કેમ્પ યોજાશે. જીવદયા પ્રેમીઓ દ્વારા થરાદ શહેર કે તાલુકામાં ઘાયલ પક્ષીઓ જોવા મળે તો ૯૯૧૩૭૧૧૧૪૧,૯૬૮૭૮૪૫૪૪ ૪ તથા ૯૪૨૭૦૬૪૪૯૦ મોબાઈલ પર તાત્કાલિક જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ બી.આર.સી. ભવન ડીસા મુકામે યોજાયો

ડીસા

ગત તા.૧૦/૦૧/૧૮ ના બુધવારના રોજ બી.આર.સી. ભવન ડીસા મુકામે દિવ્યાંગ બાળકોના એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસા, ધાનેરા અને દાંતીવાડા તાલુકાના ઓએચ કેટેગરી, એચઆઈ કેટેગરી અને ટીબી કેટેગરીના દિવ્યાંગ બાળકો અને વાલી ઉપસ્થિત રહ્યા હતા. એસ.એસ.એ. આઈ.ઈ.ડી. યુનિટ અંતર્ગત સ્ટેટ પ્રોજેક્ટ કચેરી ગાંધીનગર દ્વારા એલીમ્કો કંપનીના સહયોગથી બાળકોનો નિદાન (એસેસમેન્ટ) કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં મહેસાણા જિલ્લાના આઈ.ઈ.ડી.કો.ઓ. શ્રી ડાભી, બનાસકાંઠા જિલ્લાના આઈ.ઈ.ડી.કો.ઓ. હરેશભાઈ, ટી.પી.ઈ.ઓ. ડીસા, જાગૃતિબેન દેસાઈ, બી.આર.સી. ધાનેરા, ઈશ્વરભાઈ ઉપસ્થિત રહ્યા હતા. એસેસમેન્ટ કેમ્પમાં ઓએચ કેટેગરીના ૧૩૦ બાળકો, એચઆઈ કેટેગરીના ૭૫ બાળકો, ટીબી કેટેગરીના ૧૮ બાળકો, અન્ય કેટેગરીના ૧૨૪ મળીને ત્રણેય તાલુકામાંથી ૩૪૭ દિવ્યાંગ બાળકોનું નિદાન કરવામાં એલીમ્કો કંપનીમાંથી ત્રણેય કેટેગરીના ડૉક્ટર્સ દ્વારા કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર એસેસમેન્ટ કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્લૉક ડીસાના બી.આર.સી. કો.ઓ. અલ્પેશભાઈ પ્રજાપતિ, આઈ.ઈ.ડી. બીઆરપી શંકરભાઈ, રીસોર્સ ટીચર્સ, સી.આર.સી. કો.ઓ. દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# શ્રી વજેગઢ પ્રાથમિક શાળામાં ૬૩ મા શાળા સ્થાપના દિનની ઉજવણી




પ્રતિનિધિ થરાદ

સાત જાન્યુઆરી ઓગણીસો છપ્પનના રોજ સ્થાપાયેલ શ્રી વજેગઢ પ્રાથમિક શાળાના ૬૩ મા શાળા સ્થાપના દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી. જેમાં મલુપુર ગ્રુપ ગ્રામપંચાયતના સરપંચ માનાભાઈ લગધીરભાઈ પરમાર, શાળાના આચાર્ય નવીનભાઈ કે.ઠાકોર, એસ એમસી અધ્યક્ષ ઈશ્વરભાઈ માનાભાઈ પરમાર, સી.આર.સી. મલુપુર કો.ઓ. બળદેવભાઈ ડી.જોષી તેમજ પંચાયતના બાળકોના વાલીઓએ ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના બાળકોને વિવિધ કલાકૃતિઓ રજૂ કરી હતી. વર્ષાબેન આર.ત્રિવેદી ઉ.શિ.વજેગઢ શાળાના ઈતિહાસથી લઈને આજ દીન સુધીની વિકાસ ગાથા વર્ણવી હતી. ગ્રામજનો તરફથી બાળકોને પેન-પેન્સિલ તથા રબર પ્રોત્સાહન રૂપે ભેટ આપવામાં આવ્યા હતા. તથા રોકડ રકમ ઉદાર હાથે મળી હતી. સમગ્ર શાળાના સ્ટાફની મદદથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. બધાએ સમૂહમાં ભોજનનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધેગાભાઈ એન.પરમાર (સરહદી) ઉ.શિ. વજેગઢ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધાનેરામાં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાજંલી




તા પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે ભા.વિ.પા દ્વારા સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને નગરપાલિકાઓ ડૉક્ટરો ન.પા. પ્રમુખ આશાબેન પટેલ, ડૉ.એમ. એસ. અગ્રવાલ ભાવિપના વિભાગીય પ્રાંત પ્રમુખ ખેમચંદભાઈ પટેલ, જગદીશ ભાઈ પટેલ, કાન્તિભાઈ ત્રિવેદી, શાસ્ત્રીજી સત્યમભાઈ એસ. ત્રિવેદી વિગેરેએ સ્વામી વિવેકાનંદજી ની ઝાંખી ત્યાં તેમની ૩૯ વર્ષની નાની ઉંમરે વિદેશમાં ભારતનું મસ્તક ઉંચું કયુ હતું તે બાબતે વિસ્તૃત સમજ આપી હતી.

# ડીસા સર્વોદય લો કોલેજમાં મકરસંક્રાંતિ પર્વની ઉજવણી



ડીસા

સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ કાંટ ડીસા ખાતે ગતરોજ મકરસંક્રાંતિ- ઉત્તરાયણ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. કોલેજના તમામ વિભાગના છાત્રોએ આકાશમાં રંગબેરંગી પતંગો ઉડાડી તેના પેચ લગાવી આનંદ માણ્યો હતો. આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ ડૉ.રાજુલબેન દેસાઈ, પ્રો.કલ્પેશભાઈ ઠક્કર, પ્રો. પિન્ટુભાઈ, સંજયભાઈ દેસાઈ, આશાબેન સહિત સ્ટાફમિત્રો તેમજ મોટી સંખ્યામાં કોલેજના છાત્રો હાજર રહ્યા હતા.

# થરાદમાં પાટીદાર સમાજ દ્વારા ઉત્તરાયણ પર્વે જીવદયાની પ્રવૃતિ




થરાદ

થરાદ નગરમાં પાટીદાર સમાજનો વસવાટ નથી જોકે નોકરી કરતા અને ધંધાર્થે સ્થાયી થયેલા પાટીદાર સમાજ દ્વારા છેલ્લા બે વર્ષથી ઉત્તરાયણ પર્વે જીવદયાની પ્રવૃતીઓ કરવામાં આવતાં નગરની વિનાયક સોસાયટીમાં થરાદ વાવના પાટીદાર સમાજના પ્રમુખ અંકુરભાઇ પટેલ તથા પુર્વ પ્રમુખ સુરેશભાઇ આંબલીયા તથા સી.બી.પટેલ, રોહિત પટેલ, કે.ડી.પટેલ, હિતેશ પટેલ તથા કીર્તિભાઈ પટેલ સહિત પાટીદાર સમાજના યુવકો દ્વારા ૪૦૦ કિલોના લાડુ બનાવવામાં આવ્યા હતા. જે ઉત્તરાયણ પર્વે નગરની શેરી ઓમાં કુતરાંને ખવડા વવામાં આવ્યા હતા. તેમજ ગાયોને જુવારના ઘાસચારો પણ ખવડાવવામાં આવ્યો હતો. આ સેવા કાર્યમાં સમાજની મહિલાઓ પણ બહોળી સંખ્યામાં જોડાઇ હતી.

# સૈંટ ઝેવીયર્સ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના વિદ્યાર્થીઓએ નેશનલ કરાટે ટુર્નામિન્ટમાં મેડલ મેળવ્યા



નેશનલ કક્ષાની કરાટે ટુર્નામિન્ટ દમણ ખાતે યોજાઈ હતી. જેમાં બનાસકાંઠા જિલ્લામાંથી કુલ ૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સેંટ ઝેવીયર્સ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના બે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. તેમાં આસ્મી પાલે બે ગોલ્ડ મેડલ અને કડેલ કૃણાલે એક બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. જેઓને તેમના કોચ ભાવેશભાઈ પ્રજાપતિ અને શાળાના આચાર્ય ફા.જોન પીટરે અભિનંદન પાઠવ્યા હતા.

# એચયુએલે 'પ્લેઈંગ બિલિયન રાષ્ટ્રના નિર્માણ માટે 'સ્વચ્છ આદત, સ્વચ્છ ભારત પર નવું અભિયાન ચાલુ કર્યું



હિન્દુસ્તાન યૂનિલીવર લિમિટેડે પોતાના 'સ્વચ્છ આદત, સ્વચ્છ ભારત'ની પહેલના ભાગ રૂપે એક નવા અભિયાનાની શરૂઆત કરી છે. આ અભિયાન બાળકોના વચ્ચે સ્વસ્છતાની સ્વસ્થ આદતોનો વધારો આપે છે. આ અભિયાનની શરૂઆત ફિલ્મ અભિનેત્રી કાજોલ દેવગને કરી.દેશના એક-તૃતીયાંશ બાળકો લગાતાર વારંવાર બીમાર પડે છે. જ્યારે તે સહેલાઈથી બુનિયાદી સ્વચ્છતા આદતો જેવી કે સાબુથી હાથ ધોવા, સાફ પાણી પીવું અને સ્વચ્છ શૌચાલયનો ઉપયોગ કરી રોકી શકાય છે. આ અભિયાન હેઠળ એક ફિલ્મ બનાવવામાં આવી છે 'પ્લેઈંગ બિલિયન', જે દિલને સ્પર્શ કરી જાય તેવી કહાનીને કેન્દ્રિત કરે છે કે કેવા બાળકોનો એક સમૂહ વારંવાર બીમાર પડવાના કારણે બાળપણની ખુશીઓને પણ ગુમાવી દે છે. આ અભિયાનનો હેતુ ત્રણ 'સ્વચ્છ આદતોં, ઈહાથમુંહબમ (ઈઉઁછંરસેરમ્દ્ર) ના વિશે જાગરુકતા ફેલાવાની છે અને દેશને એક મજબૂત અપીલની સાથે આનું અનુકરણ કરવું છે.'કુપોષિત બાળકોમાંથી ૫૦% સુધી સુરક્ષિત પેયજલ, સ્વચ્છતા અને સફાઈથી હાથ ધોવાની પ્રથાના અભાવના કારણે આ દંશને ઝેલી રહ્યું છે. આ બિમારીનું કારણ બને છે અને દસ્ત જેવા જાનલેવા રોગને જન્મ આપે છે. દસ્તનું વારંવાર થવું સ્થાઇ કુપોષણ અને ઉંમરના અનુકૂળ શારીરિક અને માનસિક વિકાસ ના(અવિકસિત) થવાનું કારણ બની શકે છે. એટલે જ, એચયૂએલ પોતાના અભિયાનના માધ્યમથી આ વાત પર ધ્યાન આકર્ષિત કરવાની કોશિશ કરી રહ્યાં છે કે ત્રણ સરળ આદતોંનું પાલન કરી બાળકોના ફરીથી બીમાર પડવાની ઘટનાને રોકી શકાય છે.

# યામાહાએ રિઅર ડિસ્ક બ્રેક સાથે નવીન એફઝેડએસ-એફઆઈ મોટરસાયકલ પ્રસ્તુત કરી



તેની પ્રતિશિષ્ઠ એફઝેડ સિરીઝના ૧૦ વર્ષ પૂરા થવાના પ્રસંગે ઈન્ડીયા યામાહા મોટર પ્રા.લિ.(આઈવાઈએમ) એ તેની નવી એફઝેડએસ-એફઆઈ (૧૪૯ સીસી) મોટર સાયકલ પ્રસ્તુત કરવાની ઘોષણા કરી છે. યામાહાની બ્લ્યુ કોર ટેકનોલોજી અને ઉન્નત બ્રેકિંગ સિસ્ટમના સમન્વય સાથે તૈયાર કરવામાં આવેલ નવીન એફઝેડએસ-એફઆઈ મોટરસાયકલ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે અનોખો અનુભવ પ્રદાન કરે છે. ૧૪૯ સીસી, એરકુલ્ડ, ફયૂઅલ ઈન્જેકટેડ, ૪ સ્ટ્રોક, એસઓએચસી, ૨ વાલ્વ, સિંગલ સિલેન્ડર એન્જીન જેવી તેની સર્વશ્રેષ્ઠ વિશેષતાઓ સાથે એફઝેડએસ-એફઆઈ મોટરસાયકલમાં ૨૨૦ એમએમ હાઈડ્રોલિક સિંગલ રિઅર ડિસ્ક બ્રેક અને ૨૮૨ એમએમ ફ્રન્ટ બ્રેક આપવામાં આવ્યા છે. તેનાથી આ મોટરસાયકલની સ્થિરતા અને નિયંત્રણ શાનદાર બન્યું છે. આકર્ષકતા વધારવા માટે એફઝેએસ-એફઆઈમાં સ્પોર્ટી વ્હીલ ડિઝાઇનની સાથે સંપૂર્ણ નવીન ડિઝાઇનનો મિરર લગાવવામાં આવ્યો છે. ભારતમાં યામાહાની એફઝેડ સિરીઝનો વારસો સંપૂર્ણરીતે એક અનોખા મોટરસાયકલિંગના પેશન (ઘેલછા) સાથે જોડાયેલ છે. ભારતમાં પ્રસ્તુતી બાદ સતત ૧૦ વર્ષો સુધી ભારતીય બાઈકર્સ વચ્ચે ખૂબ લોકપ્રિય છે. તેને ભારતીય મોટરસાયકલિંગમાં 'લોડ ઓફ ધ સ્ટ્રીટ' નું બિરૂદ મળ્યું છે.

# ધાનેરાની ચામુંડાનગર સોસાયટીમાં ઉભરાતી ગટરોથી લોકો પરેશાન

(પ્રતિ.) ધાનેરા

ધાનેરા માં જ્યા દેખો ત્યાં ગટરો ઉભરાવાના બનાવો બની રહ્યા છે. છેલ્લા એક મહીનાથી હિંગળાજ નગર તેમજ ચામુંડાનગર સોસાયટીમાં ગટરના પાણી ઉભરાઇને રસ્તા ઉપર પડ્યા રહેલા સોસાયટીના રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વારંવાર રજુઆત કરવા છતાં પાલીકા દ્વારા કોઇ પગલા લેવામાં આવતા નથી.

ધાનેરાની ચામુંડાનગર સોસાયટી તેમજ હિંગળાજનગર સોસાયટીમાં ભર શિયાળે અષાઢી માહોલ જેવો હાલ જોવા મળી રહ્યો છે. ધાનેરામાં નગરપાલીકા દ્વારા સફાઇમાં ધ્યાન ઓછુ આપવામાં આવતા ઠેર ઠેર કચરાના ઢગલાઓ તેમજ ગટરો ઉભરાઇ રહી છે. જેના કારણે લોકો ભારે મુસ્કેલી ભોગવી રહ્યા છે. ચામુંડાનગર સોસાયટીમાં ૨૦ દિવસથી ગટરના પાણી રોજ રોજ રોડ ઉપર ભરાઇને પડ્યા રહેતા લોકોને પસાર થવુ પણ મુસ્કેલ બન્યુ છે. તેમજ ઠંડા પાણી તેમજ ગંદા પાણી ભરાઇને પડ્યા રહેતા બાળકો બીમાર પણ થઇ રહ્યા છે. આ બાબતે સોસાયટીના રહીસોએ વારંવાર નગર પાલીકામાં રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા સફાઇ બાબતે પગલાં લેવામાં ન આવતાં લોકોમાં આક્રોસ જોવા મળી રહ્યો છે.

# ભીલડીના ધર્મપ્રેમીઓ દ્વારા શ્વાનોને લાડુ-શીરો ખવરાવવાનો અનોખો મહિમા



કંચનજી ઠાકોર

(પ્રતિ.) ભીલડી

ડીસા તાલુકાના નવી ભીલડી ગામે આવેલી ગાયત્રીનગર સોસાયટીમાં ઉત્તરાણ નિમિત્તે ગાયો અને અબોલ પશુઅઓને ઘાસ તેમજ શ્વાનોને લાડુ ખવરાવવાનો અનોખો મહિમા છે. જે પુણ્યનું કામ છે.

ભીલડી ગાયત્રી નગર સોસાયટીના રહીશોએ શ્વાનો માટે સતત ત્રણ દિવસ શીરો બનાવી ખવરાવવામાં આવે છે. આ ભગીરથ કાર્યમાં કાર્યકરો સહિત રાઠોડ બચુજી કચરાજી-માજી સરપંચ, ભુરાભાઈ પટેલ, વેરસીભાઈ દેસાઈ, પોપટભાઈ નાયી, ભરતભાઈ (ચાણક્ય), પોપટભાઈ રાવળ તેમજ અતુલભાઈ ઠક્કર વગેરેએ સહયોગ આપ્યો હતો.

## ઉત્તરાયણ પર્વ નિમિત્તે

# પાલનપુરમાં જીવ સેવા સંસ્થાનના પક્ષી સારવાર કેમ્પનો પ્રારંભ



(સંજય જોષી)

પાલનપુર

ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગની દોરીથી ઘવાયેલા પક્ષીઓને સમય સર સારવાર મળી રહે તે માટે જીવ સેવા સંસ્થાન દ્વારા સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે. જેને આજ રોજ ડી.ડી.ઓ.ના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીથી ઘવાયેલા પક્ષીઓને સમય સર સારવાર મળી રહે અને પક્ષીઓના જીવ બચી શકે તે માટે પાલનપુરની જીવ સેવા સંસ્થાન દ્વારા છેલ્લા દસ વર્ષથી પક્ષી બચાવો કેમ્પ કરવામાં આવે છે.જેને આજ રોજ ડીડીઓ અમીત અરોરાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને આ કેમ્પ ત્રણ દિવસ સુધી ચાલશે અને ઘવાયેલા પક્ષીઓને સમયસર સારવાર આપી પક્ષીઓના જીવ બચાવવામાં આવશે અને જો દોરીથી ગંભીર રીતે ઘવાયેલ હશે અને તેનો જીવ બચાવી નહી શકાય તેવા પક્ષીઓને યોગ્ય જગ્યાએ દફન વીધી કરવામાં આવશે તેમ આયોજકે જણાવ્યુ હતુ. આ પ્રસંગે ડી.ડી.ઓ અમિત અરોરા, જીવ સેવા સંસ્થાનના પ્રમુખ પ્રજેશ પઢીયાર, ભવાની ખાણેશા સહિતના જીવદયાપ્રેમી ઓ હાજર રહ્યા હતા.

# ભાભરની કરણી સેનાએ 'પદ્‌માવતી' ફિલ્મ ઉપર પ્રતિબંધ લાગતા જશ્ન મનાવ્યો



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભરની કરણી સેનાએ ગઈકાલે 'પદ્‌માવતી' ફિલ્મ ઉપર ગુજરાત સરકારે પ્રતિબંધ મુક્તા જશ્ન મનાવ્યો હતો. પદ્‌માવતી ફિલ્મમાં ઈતિહાસ સાથે ચેડા કરીને બનાવતા વિવાદમાં રહી છે.

જેના કારણે રાજપુત સમાજ સહિત હિન્દુઓની લાગણી દુભાતા સરકારે આવી ફિલ્મ રિલીઝ થવા ઉપર પ્રતિબંધ મુક્યો છે. ગુજરાત સરકારે અગાઉ મુકેલ પ્રતિબંધને યથાવત રાખતા કરણી સેનાએ જશ્ન મનાવ્યો હતો. ભાભર કરણી સેનાના પ્રમુખ પ્રવિણસિંહ રાઠોડ, ઉપપ્રમુખ રોહિતસિંહ રાઠોડ, તેમજ કરણી સેનાના ભરતસિંહ રાઠોડ, અરવિંદસિંહ રાઠોડ, પીનુભા રાઠોડ સહિત મોટી સંખ્યામાં યુવાનોએ ભાભર હાઈવે સર્કલ ઉપર ઝંડા સાથે એકઠા થઈ ફટાકડા ફોડી પેંડા વેચીને જય ભવાની. જય ભવાનીના નારા સાથે ખુશી વ્યક્ત કરી હતી.

# પાલનપુરમાં કૉંગ્રેસ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી



પાલનપુર ખાતે કૉંગ્રેસ દ્વારા પણ સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ, જિલ્લા પ્રમુખ ઝાકિર ચૌહાણ, પાલનપુર પાલિકાના વિપક્ષના નેતા અમૃત દાઢી, આશાબેન રાવલ સહિતના અગ્રણીઓએ હાજર રહી સ્વામી વિવેકાનંદજી ની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.

# રોટરી ક્લબ ડીસા દ્વારા પુસ્તક મેળો યોજાયો



ડીસા

રોટરી ક્લબ ડીસા અને ના.જે.પુસ્તાલયના સંયુક્ત ઉપક્રમે મણીબા ગ્રંથાલય ખાતે તા.૫ થી ૮ જાન્યુઆરી સુધી પુસ્તક મેળાનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં ૩૫ ટકાથી ૫૦ ટકા સુધીનું ડીસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. ડીસાના ઘણા બધા પુસ્તક પ્રેમીઓ તથા વિદ્યાર્થીમીત્રોએ લાભ લીધો હતો.

જેમાં અંદાજે ૫ લાખ રૂપિયા કરતા વધારે રકમનાં પુસ્તકોનું વેચાણ કરીને પુસ્તક મેળાને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં રોટે.નવિન કાકા, ટ્રસ્ટી શશીકાંતભાઈ દોશી, રોટરી પ્રમુખ નટુભાઈ પટેલ, કોલેજના પ્રીન્સીપાલ પટેલ કારિયા, તથા રોટે.ડો.જગદીશભાઈ સોની સહિત રોટેરીયન મિત્રો ડીસાના અગ્રણી નગરજનો વિદ્યાર્થી મિત્રો તથા ચાર દિવસ માટે સતત સેવા આપનાર રોટ્રેક્ટર્સ મિત્રોએ હાજરી આપીને આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો.

# દીઓદર ગૌ-શાળામાં ડાયરો યોજાયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે બોડા રોડ ઉપર આવેલ ગજાનંદ ગૌ-શાળા ખાતે તા.૯/૧/૨૦૧૮ થી તા.૧૫/૧/૨૦૧૮ સુધી પરમશ્રધ્ધેય સ્વામી દત્તશરણા નંદનજી મહારાજ પથમેડા પ્રીત ગૌશાળાના લાભાર્થે કથા યોજાઈ રહી છે. જેમાં બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી કથાનું રસપાન કરી રહેલ છે. જે અંતર્ગત ગતરોજ રાત્રે ભવ્યસંતવાણી ડાયરો યોજાયો હતો. જેમાં ફરીદાબેન મીર, સોનલબેન ઠાકોરની ભજનીક એન્ડ ગૃપ પાર્ટીએ ભજનોની રમઝટ જમાવેલ. બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ અને ડાયરાને માણેલ.

# પાલનપુરમાં એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકો સાથે પતંગોત્સવની ઉજવણી





સંજય જોષી

પાલનપુર

બનાસ એન.પી.પ્લસ સંસ્થા પાલનપુર દ્વારા સિવીલ હોસ્પિટલ પાલનપુરના પટાગણમાં જનરલ સિવીલ હોસ્પિટલ પાલનપુર આર.એમ.ઓ, બનાસ મેડીકલ રિસર્જ સેન્ટર ડીસ્ટ્રીક્ટ ટી.બી. ઓફિસર એ.આર.ટી સેન્ટર પાલનપુર ના સિનીયર મેડીકલ ઓફિસર ઈનરવ્હીલ કલબ પાલનપુર સીટીં ઈન્ડીયન ટાઈગર ગ્રૂપ પાલનપુર અને બીપીનભાઈ ગુપ્તા અને શામભાઈ તમામ મહેમાનોના સહયોગથી અનોખી રીતે ''પતંગ ઉત્સવ કાર્યક્રમ ઉજવાયો''

કાર્યક્રમમાં ૩૭ એચ.આઈ.વી. સાથે જીવતા બાળકોને પતંગ-દોરી ચશ્મા, પીપોડુ, ચીક્કી મમરાના લાડુ અને સ્વેટર આપવામાં આવેલ ૪૦ ભાઈઓને કડકડતી ઠંડીમા ધાબળા વિતરણ કરવામાં આવેલ. બનાસ મેડિકલ રિસર્જ સેન્ટર દ્વારા ચીક્કી આપવામાં આવી ઈનરવ્હીલ કલબ પાલનપુર સીટીના સહયોગથી પતંગ દોરી, ચીક્કી, ચશ્મા પીપોડુ, મમરાના લાડુ આપવામાં આવેલ તેમજ ઈન્ડીયન ટાઈગર ગ્રુપના

અનુસંધાન પાના નં.૬

# ગોળીયા પ્રા.શાળામાં સ્વચ્છતા કાર્યક્રમ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ગ્રામીણ સુવિદ્યા કેન્દ્ર યોજના અંતર્ગત ભારતીય ટપાલસેવા કો.ઓ. દ્વારા ગોળીયા વખા પ્રા.શાળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં રૈયા સેજાના બાળકોને શરીરના રોગો, સમતોલ આહાર, દૈનિક ટેવો, વિશેની સંપૂર્ણ સમજુતિ આપવામાં આવેલ. તેમજ તેમની ટીમ સાથે શાળાના પ્રત્યેક બાળકોનું મેડીકલ ચેકઅપ કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના બાળકો દ્વારા સ્વચ્છતા અંતર્ગત શીઘ્ર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૧ બાળકોએ ભાગ લીધેલ. જે પૈકી પ્રથમ ત્રણ નંબરને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા. ત્યારપછી ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું. તેમાં પણ નંબર મેળવનારને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. શાળામાં સ્વચ્છતા કીટ આપવામાં આવેલ. છેલ્લે તમામ બાળકોને શૈ.સામગ્રી જેવીકે પેન, પેન્સીલ, રબ્બર, અને કંપાસબોક્ષ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય બાબુભાઈ પ્રજાપતિએ કરેલ.

# થરા પાવાપુરી સોસાયટી ખાતે મુમુક્ષ ચિ.પાર્થ (બિટ્ટુ) સંસારની મોહ માયાનો ત્યાગ કરી દિક્ષા ગ્રહણ કરશે

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા પાવાપુરી સોસાયટી ખાતે ઉંઝા કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક કિર્તિલાલ લહેરચંદ શાહ (પ્રા.કે.એલ.શાહ) નો પૌત્ર મુમુક્ષ ચિ.પાર્થ (બિટ્ટુ)ધોરણ ૧ થી ૭ થરાનગરમાં અભ્યાસ કર્યોને ધોરણ ૮ થી ૧૨ તપોવનમાં દાદા દાદી - ગુરુગણ આચાર્ય ભગવંતોના અને પિતા મેહુલભાઈ માતા રિટાબેનના સંસ્કાર સિંચનથી ઘડાઈને તે એવો ઘડાયો કે સંસારની મોહ માયાનો ત્યાગ કરી આ સમગ્રજીવન જિનશાસનને સમર્પિત કરવા પૂ.યુગ પ્રધાન આચાર્ય સમ પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા.ના શિષ્યરત્ન મુનિશ્રી રાજહંસવિજયજી મ.સા.તથા અન્ય મુનિઓની પ્રેરણાત્મક વાણી જીવન શૈલી સાથે એકાગ્રતા કેળવીને આગામી તા. ૨૦/૧/૨૦૧૮ થી ૨૨/૧/૨૦૧૮ દરમ્યાન થરા પાવાપુરી નગરે દિક્ષા મહોત્સવ યોજાશે જેમાં દિક્ષાગ્રહણ તા. ૨૨/૧/૨૦૧૮ રોજ કરશે. આ ત્રિદિવસીય મહોત્સવ તા.૨૦/૧/૨૦૧૮ ના પૂ.ગુરૂ ભગવંતોનું ભવ્ય સામૈયું અને પ્રાસંગીક પ્રવચન સવારે ૯/૦૦ વાગે. બપોરે ૧૨.૩૯ કલાકે ભકતામર પૂજન પંડીત પ્રવિણભાઈ પાલનપુર રાત્રે ૮.૩૦ કલાકે બહુમાન તથા તેના સહઅભ્યાસી તપોવન શાળાના મિત્રો સ્ટેજ પ્રોગ્રોમ

અનુસંધાન પાના નં.૬

# ખારીયામાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

પ્રતિ. શિહોરી, કંબોઈ

કચ્છ - ભૂજ બોર્ડર રેન્જ પોલીસ મહા નિર્દેશકની દારૂની બદી નાબૂદ કરવાની સૂચનાના પગલે પી.એસ.આઈ.એ.એસ. રબારી સ્ટાફ સાથે બનાસકાંઠા જિલ્લાના થરા પોલીસ મથક હદમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન મળેલી બાતમીના આધારે ખારીયા ગામે સંજુભા બલુભા વાઘેલાના ઘરે આકસ્મિક દરોડો પાડતા વિદેશી દારૂની ૩૩૬ બોટલ (કિંમત રૂા.૩૩૬૦૦) મળી આવી હતી. જેથી પોલીસે મુદામાલ કબ્જે લઈ કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રામપુરામાં જીરૂ પાક પરિસંવાદ શિબિર યોજાઈ

ડીસા

ઈફકો અને થરાદના સ.ખ.વે. સંઘ લિ. થરાદ દ્વારા તા. ૧૨/૧/૨૦૧૮ ના રોજ થરાદ તાલુકાના રામપુરા ગામે ''જીરૂ પાક પરિસંવાદ'' શિબિરનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જીવરાજભાઈ પટેલ ચેરમેન થરાદ તાલુકા સંઘ તેમજ થરાદ તાલુકાના સહકારી આગેવાન શૈલેષભાઈ પરબતભાઈ પટેલે પણ કાર્યક્રમમાં હાજરી આપી શોભા વધારેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન તરીકે ઈફકોના સ્ટેટ માર્કેટીંગ મેનેજર એન.એસ.પટેલ જેમણે ઈફકોના ઉત્પાદનો તથા ઓછા ખર્ચે વધુ ઉત્પાદન કરી નફો કઈ રીતે વધારી શકાય એ માટે ખેડુતોને જાણકારી આપેલ. ઈફકોના એરીયા મેનેજર પી.એન. મેવા (મહેસાણા) એ પણ ઈફકો ખેડુતોને કઈ રીતે મદદરૂપ થઈ રહેલ છે. તે વિશે સંક્ષિપ્ત જાણકારી આપેલ. ઈફકો એમ.સી. ના રીજીયોનલ મેનેજર નલીનભાઈ પટેલે જીરૂ પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિશે તેમજ તેમાં આવતા રોગ જીવાતના નિયંત્રણ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ઈફકોના પ્રતિનિધિ પ્રતિકભાઈ પટેલ અને જયેશભાઈ પટેલ તેમજ થરાદ તાલુકા સંઘના મેનેજર ખીમજીભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# ડીસા કચ્છી કોલોની વિસ્તારમાં ગૌસેવા માટે રંગેચંગે પૂર્ણ થયેલ ભાગવત કથા

ડીસા

અભૂતપૂર્વ આધ્યાત્મિક માહોલમાં ડીસા કચ્છી કોલોની વિસ્તારમાં તા.૬/૧/૨૦૧૮ ને શનિવારથી શરૂ થયેલ ભાગવત-કથા તા.૧૨/૧/૧૮ ને શુક્રવારે રંગેચગે પૂર્ણ થઈ હતી. ગૌસેવાના લાભાર્થે રાખવામાં આવેલ આ કાથામાં વ્યાસપીઠ ઉપર પૂજ્ય યશવંતશાસ્ત્રીજી મહારાજે બિરાજમાન થઈ સૌને આધ્યાત્મિક મોજ કરાવી હતી. પ્રથમ દિવસે પોથીયાત્રા પાંચાજી રાજપુતના નિવાસસ્થાનેથી શરૂ થઈ હતી. જ્યારે છેલ્લા દિવસે પોથીયાત્રા હભુજી રામજીભાઈ પ્રજાપતિના નિવાસસ્થાને વાજતે ગાજતે પહોંચી હતી.

શ્રી ભાગવત કથાના આયોજન અને સફળતામાં સર્વ ભગવાનભાઈ બંધુ, પાંચાજી રાજપુત, સુરેશભાઈ દેવવાળા, જયંતિભાઈ ઓઢાવાળા, ભવાનભાઈ પ્રજાપતિ, મોહન ભાઈ પ્રજાપતિ, રમેશભાઈ મહારાજ, કનુભાઈ બારોટ, અમૃત ભાઈ પૂજારી, દિનેશ ભાઈ દીપવાળા, રમેશભાઈ સ્વાતીવાળા, દેવચંદભાઈ એન.ઠક્કર, ભરતભાઈ પ્રજાપતિ, રામાભાઈ સાદુરજી પ્રજાપતિ, હિમાશંકરજી પંડિત, માજીસા ભક્તમંડળ પરિવાર, કોકીલાબેન, રંજનબેન ખત્રી, ચંદુભાઈ એટીડી, જયેશભાઈ દેસાઈ, બ્રહ્માણી ભજન મંડળ, મહેશભાઈ ઉદેચા, નવીનભાઈ એ. ઠક્કર, રાંમસા જાંગીડ, કડવાજી દરબાર, મોહનજી દરબાર, મુનસા જાંગીડ, ભરત ભાઈ વી.ઠક્કર, હર્ષદભાઈ સેવક, દિનેશભાઈ દવે, શૈલેષભાઈ શાસ્ત્રી, અશોક ભાઈ સુથાર, અજય ભાઈ પઢિયાર સહિત અનેક ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ તન, મન, ધનથી સહકાર આપી સમગ્ર ભાગવત કથાના અવસરને સફળ બનાવ્યો હતો. છેલ્લા દિવસે હભુભાઈ રામજીભાઈ પ્રજાપતિના નિવાસ સ્થાને વાજતે ગાજતે પોથીયાત્રા પહોંચી ત્યારે પણ ખુબ જ સારી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈ- બહેનો જોડાયા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા બદલ સૌ આયોજકો વતી ભગવાનભાઈ બંધુએ સૌ પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યક્ત કરી હતી.

# વડાવળ પરા પ્રાથમિક શાળામાં સ્વામિ વિવેકાનંદની ૧૫૫ મી જન્મ જયંતિની ઉજવણી



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

દેશના યુવા આદર્શ અને રાષ્ટ્ર પ્રમુખ સ્વામી વિવેકાનંદ ની જન્મ જયંતિ ૧૨ મી જાન્યુઆરીના દિવસે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે ડીસા તાલુકાના વડાવળ પરા પ્રાથમિક શાળામાં પણ સ્વામી વિવેકાનંદની ૧૫૫ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ભુલકાઓ દ્વારા સ્વામીજીના જીવન પ્રસંગોને યાદ કર્યા હતા સાથે સ્વામી વિવેકાનંદ પર નિબંધ સ્પર્ધાનું પણ આયોજન થયું હતું. ઉપરાંત શાળાના દરેક બ્લેક બોર્ડ પર સ્વામીજીના વિવિધ સુત્રોનું લેખન કર્યુ હતું. શાળાના આચાર્ય ભરતભાઈ દેસાઈ દ્વારા શાળાના બાળકોને સ્વામી વિવેકાનંદને જીવનમાં આદર્શ બનાવવાની પ્રેરણા પુરી પાડી હતી. આ પ્રસંગે શાળાના શિક્ષક નિલેષભાઈ પટેલ દ્વારા પણ આજના દિવસનું મહત્વ વર્ણવી બાળકોને ખુબ સારી સમજણ પુરી પાડી હતી.

# કોતરવાડામાં બિમાર મોરની સારવાર કરતા ગ્રામજનો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીયોદર તાલુકામાં કોતરવાડા સિમમાંથી ઝાડપરથી બીમાર અને અશક્ત પક્ષી રાષ્ટ્રીયપક્ષી મોરને કોતરવાડા ના ગ્રામજનો એ પોતાના સ્વખર્ચે ફરીવાર સારવાર અપાવી દીઓદર ફોરેસ્ટ ખાતાને સુપ્રત કરી તેની સારવાર અને નિભાવણી યોગ્ય થાય તે બાબતની ગંભીરતા લઈ યોગ્ય કરવા યુવાઓ અને જીવદયા પ્રેમીઓએ જણાવેલ.જયારે ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓએ પણ રાષ્ટ્રીયપક્ષી મોર સ્ત્વરે સ્વસ્થ બની અકાશમાં ઉડી શકશે તેવું જણાવેલ.

## *તલની ચિકીનું ચલણ...*



મકરસંક્રતિ એટલે કે ઉત્તરાયણના પર્વમાં તલમાંથી બનતી ચિક્કી, લાડુ જેવી વાનગીઓ આરોગવાની પરંપરા છે જેને ધ્યાને લઈ ડીસામાં ઠેરઠેર આ વાનગી વેચતા સ્ટોલ કામચલાઉ ધોરણે ધમધમવા લાગ્યા છે. (વિનોદ બાંડીવાલા)

# પાલનપુર ભાવિપ દ્વારા વનવાસી બાળકોને સ્વેટર અને કપડા વિતરણ

પાલનપુર

ભારત વિકાસ પરીષદ પાલનપુર પશ્ચિમ શાખા દ્વારા ઝલિયા (કંસારા) ગામે સેવા પ્રાથમિક શાળામાં વનવાસી કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી કાર્યક્રમના ભાગ રૂપે શાળાના તમામ બાળકોને સ્વેટર, કપડાં અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ પ્રાર્થના રજુ કરી હતી. ભારત વિકાસ પરીષદ દ્વારા શિક્ષણના મહત્વ અંગે વાર્તાલાપ કરવામાં આવ્યો. આ પ્રસંગે બાળકો અને વાલીઓ દ્વારા આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતુ આદિવાસી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પશ્ચિમ શાખાના પ્રમુખ દેવેન્દ્રભાઈ ધારાણી, મંત્રી ચંદ્રકાન્તભાઈ પટેલ, સંયોજક વિનોદભાઈ વ્યાસ, નીરૂબેન ધારાણી શર્મીષ્ટાબેન પટેલ, રસિકભાઈ મોદી સહિતના સભ્યો હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય શ્રી અજિતભાઈ પરમારે આ કાર્યક્રમ ની વ્યવસ્થા પુરીપાડી સારો સહકાર આપ્યો હતો.

# શ્રી કે.બી.અગ્રવાલ હાઈસ્કુલના બાળકો દ્વારા પતંગો, કંપાસ બોક્ષ તથા લાડુનું વિતરણ

ડીસા

ગત તા. ૧૩/૦૧/૨૦૧૮ ને શનિવારના રોજ શ્રી કે.બી.અગ્રવાલ હાઈસ્કુલના બાળકો દ્વારા શાળાના નિયામક નટુભાઈ વ્યાસ તથા ડૉ.નવિનકાકાની પ્રેરણાથી કે.બી.મુનિ આશ્રમ પ્રા.શાળા, ડીસામાં પતંગો, ફીરકી, લાડુ, બિસ્કીટ, કંપાસ બોક્ષ તથા પેન્સિલ બોક્ષનું વિતરણ કરાયુ. જેમાં વિતરણ કાર્યને સફળ બનાવવામાં શાળાનાં આચાર્ય શેખ અબ્દુલ સત્તાર, બકુલભાઈ, પાર્થસારથી ત્રિવેદી, જીતુભાઈ, માલગઢ યુવા સંગઠનનાં યુવામિત્રો તથા શાળાના વિદ્યાર્થી મિત્રોએ ભારે જહેમત ઉઠાવી પોતાનું યોગદાન આપેલ.

## તંત્રી સ્થાનેથી ...

**અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ. દાસ મલૂકા યોં કહે, સબ કે દાતા રામ.**

# સરકારી હોસ્પિટલોમાં સ્ટાફની નિષ્ક્રિયતા ચલાવી લેવાય નહિં

દેશના સરકારી વિભાગોમાં સ્ટાફની અછત છેલ્લા ઘણા સમયથી વર્તાય છે. તેના પરિણામે સરકારી કામકાજ અંગે આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. સરકારી કચેરીઓ કે પછી સરકારી હોસ્પિટલોમાં પુરતો સ્ટાફ ન હોવાના પરિણામે લોકોના કામ અટવાતા હોય છે. જો કે આ બાબતે સરકારી તંત્રને કોઈપણ જાતની પરવા હોતી નથી. દેશની સરકારી હોસ્પિટલોમાં વર્તમાન સંજોગોમાં દર્દીઓની હાલત કફોડી બની રહી છે. અને પરિસ્થિતિ જ્યારે વિષમ બને છે ત્યારે હોસ્પિટલ સંચાલકો હાથ અધ્ધર કરી દેતા હોય છે. હોસ્પિટલોમાં સ્ટાફની અછતની સમસ્યાને નિવારી શકાઈ નથી. તાજેતરમાં અમદાવાદની સિવીલમાં ૪૮ કલાકની અંદર ૧૮ બાળકોના મોત નિપજ્યાની ઘટનાએ સમગ્ર રાજ્યમાં હાહાકાર મચાવી દીધો હતો. આ બાબતે સ્ટાફની અછત કારણભુત માનવામાં આવે છે.

બીજી તરફ દર્દી અને નર્સીંગ સ્ટાફ વચ્ચેનો જે રેશિયો હોવો જોઈએ તે પ્રમાણેના સ્ટાફની અંદર પણ અછત હોવાનું કહેવાય છે. શહેરની મોટાભાગની હોસ્પિટલોની અંદર તાત્કાલિક ધોરણે પ્રાથમિક જરૂરિયાત અને સુવિધા વધારવી જરૂરી છે. ખાસ કરીને શહેરની વી.એસ., એલ.જી., શારદાબેન હોસ્પિટલ, અને સોલા સિવિલ હોસ્પિટલના બાળકોના આઈ.સી.યુ.ની અંદર જેટલા બેડ અને વેન્ટિલેટરની જરૂરિયાત છે તેના કરતાં ૫૦ ટકા સંખ્યામાં સુવિધાઓ ઓછી હોવાનું બહાર આવ્યું છે. જો હકીકત સાચી હોય તો આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ આરોગ્ય વિભાગના ઉચ્ચ સ્તરના અધિકારીઓએ કોઈ પણ જાતની શેહશરમ વિના તપાસ ચલાવવી જોઈએ. બહારથી આવતા દર્દીઓને કયારેક વધારાનો ખર્ચ ભોગવવો પડતો હોય છે. ગરીબ અને સામાન્ય દર્દીઓને ભારે હેરાન થવું પડતું હોય છે. બેજવાબદાર તંત્ર આ બાબતે કોઈ યોગ્ય પ્રત્યુત્તર આપતું ન હોવાનું પણ કહેવાય છે. સરકાર આ બધું કેવી રીતે ચલાવી લે છે તે જ સમજાતું નથી.

બીજી તરફ શહેરમાં સમગ્ર ગુજરાત ઉપરાંત આજુબાજુના રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં દર્દીઓનો ઘસારો રહેતો હોય છે. જેથી સ્થાનિક અને બહારના દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. તે રીતે હોસ્પિટલ સ્ટાફે પણ તત્પર રહેવું જોઈએ. ત્યારે ડૉક્ટરોનું એવું કહેવું છે કે સૌથી મોટી સમસ્યા આ સરકારી હોસ્પિટલમાં ડૉક્ટર અને નર્સિંગ સ્ટાફની અછત વર્તાય છે. તેના કારણે દર્દીઓ પર પુરતુ ધ્યાન આપી શકાતું નથી અને શીશુઓના મોત નિપજતા હોય છે.

એક તરફ સરકાર દ્વારા આમ મૃત્યુદર ઘટી રહ્યો હોવાનો દાવો કરાઈ રહ્યો છે. ત્યારે વાસ્તવિક સ્થિતિ ખુબ જ ભયાનક છે. આદર્શ સ્થિતિ મુજબ નવજાત શિશુના વોર્ડમાં એક ક્રિટિકલ એક નર્સિંગ સ્ટાફ હોવો જ જરૂરી છે. પણ કમનસીબે સરકારી હોસ્પિટલોમાં તે રેશિયો જળવાતો નથી. આ બાબતે સરકારે ગંભીર બનવું જોઈએ પરંતુ 'હોતી હૈ ચલતી હૈ' ના કારણે દર્દીઓને સહન કરવું પડતું હોય છે. ગુજરાતી મેડિકલ કોલેજમાંથી દર વર્ષે જેટલા ડૉક્ટર્સ બહાર પડે છે. તેટલા દસ વર્ષ સુધી બહાર પડે તો પણ ખુટે તેમ છે.

સિવિલ હોસ્પિટલમાં ૧૮ માસુમ બાળકોનો ભોગ લેવાયો. તે બદલ તમામ જવાબદાર અધિકારીઓ પર તાત્કાલિક પગલાં ભરવા જોઈએ. રાજ્યમાં આરોગ્ય સેવા એટલી હદે કથળી ગઈ છે કે દુર્ભાગ્યપૂર્ણ ઘટનાથી તંત્ર ઉઘાડું પડી ગયું છે..

# સોની એન્ટરટેઈન્મેન્ટ ટેલિવિઝન ના સિતારાઓ ની મકર સંક્રાંતિ



**વત્સલ શેઠ,'હાસિલ'નો કબીર રાયચંદ** હૂઁ દર વર્ષે પતંગ ચગાવવા માટે અહમદાબાદ જાઉં છું. ત્યાં સંપૂર્ણ વાતાવરણમાં આનંદ- પ્રમોદ હોય છે અને દરેક જણ ઉત્સાહ અને ઉમંગથી થનગનતો હોય છે. આ વર્ષે હાસિલના શેડ્યુલને લીધે હું અહમદાબાદ જઈ શકીશ નહી. પતંગ ચગાવવી એ દરેક ગુજરાતીના રક્તમાં જ હોય છે. આ વર્ષે હું ફાવશે તો, સેટ ઉપર જ પતંગ લઈશ અને ચગાઈશ કારણ કે અમારું શૂટિંગ ચાલુ હશે.

**આશિષ શર્મા, પૃથ્વી વલ્લભ** "નાનપણમાંસંક્રાંતિમાં અમે હમેશા સૌથી રંગબેરંગી પતંગ મેળવવાની અને લેબલ કરવાની રાહ જોતા. સહુ કોઈ એમની પતંગ છાતીસરસીચાંપી રાખતા અને છુપાવી દેતા. સંક્રાંતિ પહેલાની રાતે અમે બીજે દિવસે ભાઈ બહેનો અને મિત્રો સાથે હરીફાઈ કરવા માટે ઉત્સુક રહેતા. હું એ બધા દિવસોને ખુબ યાદ કરું છું અનેમને હવે પહેલાની માફક પતંગ ચગાવવા માટે એટલો સમય નથી મળતો પણ જયારે સમય મળે છે ત્યારે એનો ભરપુર લાભ લઈને પતંગ ચાગાવું છું. તે સમયનુંવાતાવરણ અને પરિસર ઉત્સાહથીઝુમી ઉઠતું,જે એક સુખદ અનુભવ હતો."

**તોરલ રસપુત્ર,'મેરે સાંઈ'ની બાયજા** માં "ગુજરાતમાં મકર સંક્રાંતિ ઉત્તરાયણ તરીકે ઓળખાય છે અને આ તહેવાર અમારા માટે ઘણો મહત્ત્વનો છે. આ વર્ષે મારા માટે બમણી ઉજવણી હશે. મેરે સાંઇ શ્રેણીમાં હું બાયજા માં નામનું અસ્સલ મરાઠી મહિલાનું પાત્ર ભજવી રહી છું. મને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ નિહાળવા અહમદાબાદ જવાની બહુ જ ઈચ્છા છે પણ હું સમય જ કાઢી શકતી નથી. મારે ખાસ પતંગ બજારમાં જવું છે અને ત્યાં મૂકેલી રંગબેરંગી પતંગો તેમજ મહાસ્પર્ધા જોવી છે. મારા આજેન્ડામાં આ વસ્તુ છે જ અને કદાચ આવતા વર્ષે હું કરી શકીશ. આ વર્ષે ઘરે અને સેટ ઉપર સાદગીથી આ તહેવારની ઉજવણી કરવાની છું."

## આત્મચિંતન

# મકરસંક્રાંતિ પર્વ-સૂર્ય આરાધનાનું પર્વ

વ્યક્તિગત ભૌતિક અથવા આધ્યાત્મિક ઈચ્છાઓ માટે જે એકાંકી સાધના કરવામાં આવે છે, તેને ગાયત્રી ઉપાસના કહી શકાય. આધ્યાત્મિક પ્રયોજનોમાં સ્વર્ગ, મુક્તિ, સિદ્ધિ અને ભૌતિક પ્રયોજનોમાં રોગ, શોક, ઉદ્વેગ, દરિદ્રતા, શત્રુતા, આક્રમણ અને અભાવ જેવા કારણો ગણી શકાય. આ ઈચ્છાઓ માટે મા ને પ્રાર્થના કરવામાં આવે છે કે તે પોતાની અથવા બીજા સંબંધિત લોકોની બુદ્ધિમાં સુધારો કરી ઉપસ્થિત સંકટનું નિવારણ કરે.

સવિતા (સૂર્ય) વ્યાપક છે. તેની સાવિત્રી શક્તિ તેથી પણ અત્યંત વ્યાપક છે. તેથી સામૂહિક અને વ્યાપક સમસ્યાઓ માટે શકે છે. આ ઉપરાંત વ્યક્તિગત સાધનામાં પણ સૂર્ય સાધનાનો સમાવેશ કરીને તેનો વિશેષ ફાયદો ઉઠાવી શકાય છે. પૂર્વ દિશામાં પ્રકાશમાન સૂર્યનું ધ્યાન સૂર્યોદય સમયે કરવાથી ઉપાસકમાં પ્રકાશ પ્રેરણા અને શક્તિનું અવતરણ થાય છે, તેનું વિતરણ જન-જન સુધી કરવામાં આપણે અગ્રેસર થઈએ. સવિતા (સૂર્ય) દેવતા આપણા મનને પવિત્ર, શરીરને નિરોગી એ બુદ્ધિને સદબુદ્ધિ પ્રદાન કરે છે, તેથી આપણે આ ઉપલબ્ધિને જન-જન સુધી પહોંચાડીએ. આ ઉપરાંત ઉપાસના પછી સૂર્ય અર્ધ્યદાન સમયે દ્રષ્ટિ સૂર્ય સામે જ રાખવી અને ભાવના કરવી કે સૂર્યના કિરણો મારા શરીરની આંતરિક શક્તિઓનો વિકાસ કરી રહ્યા છે અને તે દરેક માટે હંમેશા મંગલકારક સિદ્ધ થશે. આ રીતે ઉત્તરાયણ મકરસંક્રાંતિ પર્વથી સૂર્ય સાધનાનો નવો ક્રમ અપનાવવો જોઈએ. **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

।। રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ।।

ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ

Research Analyst - SEBI

+91 99793 80808

# શેરબજારમાં સ્ટોક સ્પેશિફિક મૂવમેન્ટ નોંધાશે...!!નફો બૂક કરો....!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૧૫.૦૧.૨૦૧૮ થી ૧૯.૦૧.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

ગત સપ્તાહે બજારમાં ઐતિહાસિક તેજી આવી હતી. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સમાં ૦.૨૭ % અને નિફ્ટીમાં ૦.૨૮ % નો વધારો થયો હતો. ક્ષેત્રિય દેખાવના સંદર્ભમાં જોઈએ તો બેન્ક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કેપિટલ ગૂડ્સ, ટેલિકોમ, એનર્જી, હેલ્થકેર, મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને પાવર શેરોએ સારો દેખાવ કર્યો હતો, જ્યારે ઓટો, એફએમસીજી શેરોએ નબળો દેખાવ કર્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો એફઆઈઆઈ ફરી બુલિશ બન્યા છે. તેમણે જાન્યુઆરીમાં ખરીદી ચાલુ કરી હતી. કોર્પોરેટ ઈન્ડિયાની ડિસેમ્બર ૨૦૧૭ના અંતના ત્રીજા ત્રિમાસિકની શરૂ થયેલી સીઝનમાં આઈટી જાયન્ટ ટીસીએસના પરિણામ જાહેર થતાં પૂર્વે ફંડોની સારા પરિણામની અપેક્ષાએ આઈટી શેરોમાં તેજી સામે શેરોમાં વેચવાલીએ ઉછાળે વિક્રમી તેજીને બ્રેક લાગી હતી. તેમજ અમેરિકી શેર બજારોમાં અવિરત વિક્રમી તેજી સાથે વૈશ્વિક બજારોમાં યુરોપ અને એશીયાના બજારોમાં સતત મજબૂતી છતાં ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ ફરી વધતા શેરોમાં ઈન્ડેક્સ બેઝડ અને સ્મોલ, મિડ કેપ શેરોમાં ઉછાળે સાવચેતીમાં ફંડો, ખેલંદાઓ, હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોની પ્રોફિટ બુકિંગ વધતું જોવાયું હતું. ક્રુડ ઓઈલની તેજી સામે અમેરિકી ડોલર રૂપિયા સામે ૧૨ પૈસા નબળો પડીને રૂ.૬૩.૫૯ રહેતાં અને વિશ્વ બેંક દ્વારા ભારત માટે વર્ષ ૨૦૧૮માં આર્થિક વૃદ્ધિ-જીડીપી વૃદ્ધિનો અંદાજ ૭.૩ % મૂકતાં અને કેન્દ્ર સરકારે દેશમાં આર્થિક સુધારાને આગળ વધારીને કેબિનેટ દ્વારા સિંગલ બ્રાન્ડ રીટેલમાં ૧૦૦ % એફડીઆઈ-સીધા વિદેશી રોકાણ માટેની અને કન્સ્ટ્રકશન ડેવલપમેન્ટમાં અને રિયલ એસ્ટેટ બ્રોકિંગ બિઝનેસમાં ૧૦૦ % એફડીઆઈ રોકાણની મંજૂરી આપતાં રિયાલ્ટી શેરોમાં લેવાલી સામે અન્ય શેરોમાં વેચવાલી મર્યાદિત રહી હતી.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ માટે વડાપ્રધાન મોદીના "ડાવોસ પ્રવાસ" પહેલાં ભારતે મોટા આર્થિક સુધારા જાહેર કર્યા છે. મહત્ત્વપૂર્ણ નિર્ણયોમાં સરકારે વિદેશી એરલાઈન્સને એર ઈન્ડિયામાં ૪૯ ટકા સુધી હિસ્સો ખરીદવાની મંજૂરી આપી છે. ઉપરાંત, સિંગલ બ્રાન્ડ રિટેલ, કન્સ્ટ્રક્શન અને પાવર એક્સ્ચેન્જિસમાં રોકાણના નિયમ હળવા કર્યા છે. મેડિકલ ડિવાઈસિસ અને કંપની સાથે જોડાયેલી વિદેશી ભંડોળ મેળવતી ઓડિટ ફર્મ્સની હ્રૈં પોલિસીના નિયમ વધુ અનુકૂળ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટે બુધવારે મહત્ત્વના નિર્ણયો લીધા હતા. સરકારે સૌથી મહત્ત્વના નિર્ણયમાં સિંગલ બ્રાન્ડ રેટિલ ટ્રેડિંગમાં ઓટોમેટિક રૂટ હેઠળ FDIને ૧૦૦ ટકા મંજૂરી આપી છે. અગાઉ આ સેગમેન્ટમાં ૧૦૦% FDIને મંજૂરી હતી પણ તેના માટે સરકારી મંજૂરી લેવી પડતી હતી. પોલિસીથી H&M, માર્ક્સ એન્ડ સ્પેન્સર, આઈકિયા સહિતના રિટેલર્સને મોટી રાહત મળશે. હવે તેઓ ફરજિયાત ૩૦%ના લોકલ સોર્સિંગના નિયમને બદલે વૈશ્વિક બજાર માટે ભારતમાંથી સોર્સિંગ કરી શકશે.સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કેન્દ્રિય કેબિનેટે FDI પોલિસીનાં ઘણાં એમેન્ડમેન્ટ્સને મંજૂરી આપી છે. જેનો હેતુ દેશમાં બિઝનેસના માહોલને સાનુકૂળ કરવાFDIપોલિસીને વધુ સરળ અને ઉદાર બનાવવાનો છે. આ પગલાથી દેશમાં મોટા પાયે સીધું વિદેશી રોકાણ આવશે જે રોકાણ, આવક અને રોજગારીની વૃદ્ધિમાં યોગદાન આપશે. કેબિનેટે વિદેશી એરલાઈન્સને એર ઈન્ડિયાનો ૪૯ % સુધીનો હિસ્સો ખરીદવા કેટલીક શરતોને આધીન એપ્રુવલ રૂટ હેઠળ મંજૂરી આપી છે. વાણિજ્ય મંત્રી સુરેશ પ્રભુએ જણાવ્યું હતું કે સરકારે વિદેશી રોકાણ મેળવવા આડેના અવરોધો દૂર કર્યા છે. અમને આશા છે કે આ પગલાંથી અર્થતંત્રની ઝડપી વૃદ્ધિનો માર્ગ મોકળો બનશે. કેબિનેટે મંજૂર કરેલા નવા નિયમો પ્રમાણે સિંગલ બ્રાન્ડ રિટેલર્સ પહેલા સ્ટોરની શરૂઆતના વર્ષની પહેલી એપ્રિલથી પ્રારંભિક પાંચ વર્ષ સુધી વૈશ્વિક બિઝનેસ માટે ભારતમાંથી ગૂડ્ઝનું સોર્સિંગ કરી શકશે.અત્યારે આ કંપનીઓએ કુલ સોર્સિંગ જરૂરિયાતનો ૩૦% હિસ્સો ભારતમાંથી ખરીદવો પડે તેવી શરત છે. પાંચ વર્ષનો ગાળો પૂરો થયા પછી કંપનીએ ભારત ખાતેના બિઝનેસ માટે લોકલ સોર્સિંગના નિયમનું પાલન કરવું પડશે. આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ રિયલ એસ્ટેટ બ્રોકિંગ સર્વિસમાં ૧૦૦% FDI તેમજ FII/FPIને પ્રાઈમરી માર્કેટ દ્વારા પાવર એક્સ્ચેન્જિસમાં રોકાણની મંજૂરી આપી છે. સરકારે જણાવ્યું હતું કે રિયલ એસ્ટેટ બ્રોકિંગ સર્વિસિસ રિયલ એસ્ટેટ બિઝનેસનો ભાગ નથી એટલે તે ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦% FDIને પાત્ર છે. ફાર્માસ્યુટિકલ્સ માટેની FDI પોલિસીમાં પણ ફેરફાર કરાયો છે. મિત્રો, વૈશ્વિક બજારો માટે ગયું સપ્તાહ વર્ષનું શ્રેષ્ઠ હતું. ગત સપ્તાહ દાયકામાં સૌથી વધુ મજબૂત રહ્યું હતું. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેક્સ માળખામાં સુધારો કર્યો હતો. તેનાથી બજારના પોઝિટિવ અસર થઈ હતી. કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાથી કંપનીઓના નફાને વેગ મળવાની ધારણા છે. એશિયાના બજારોમાં ચીને કેટલાંક ટેક ઈક્વિપમેન્ટ માટે પહેલી જાન્યુઆરીથી ઈમ્પોર્ટ ટેરિફમાં ફેરફાર કર્યો હતો. આ ઈક્વિપમેન્ટમાં ન્યૂક્લિયર, ઓઈલ, ગેસ, કોલ, પેટ્રોકેમિકલ અને એરક્રાફ્ટ ઈક્વિપમેન્ટનો સમાવેશ થાય છે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ -૧૮ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૩,૯૬૯.૯૭ કરોડની વેચવાલી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૪૬૭.૭૨ કરોડની વેચવાલી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૩,૫૧૪.૭૮ કરોડની વેચવાલી, ૨૮ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૭૦૦૬.૬૧ કરોડની વેચવાલી, ૧૧ જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૫૫૫.૦૭ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ - ૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી , ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૯૭.૭૪ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ૨૮ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૭૬૮૧.૫૧ કરોડની ખરીદી, ૧૧ જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૯.૬૦ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, નવા વર્ષનાં પ્રથમ ત્રણ ટ્રેડિંગ સેશનમાં નબળા પ્રારંભ બાદ નિફ્ટીમાં બે ટકા તથા મિડ-કેપ અને સ્મોલ-કેપ ઈન્ડેક્સમાં ૩થી ૫ % ની રેન્જમાં વધારો થયો છે. વર્ષના પ્રારંભ સારો રહ્યો છે. ડિસેમ્બર ૨૦૧૭માં પણ બજારનો દેખાવ મજબૂત રહ્યો હતો. ઐતિહાસિક ટ્રેન્ડને આધારે એવી ધારણા હતી કે જાન્યુઆરી દરમિયાન બજારમાં નરમાઈ રહેશે. જો કે આ વખતે વૈશ્વિક બજારના સાનુકૂળ સંકેત, ત્રીજા ક્વાર્ટરમાં અર્નિંગમાં રિકવરીની મજબૂત શક્યતા અને કેન્દ્રીય બજેટ અંગેની અપેક્ષાને કારણે બજારનો ટ્રેન્ડ પોઝિટિવ રહ્યો છે. વૈશ્વિક આર્થિક વૃદ્ધિની અપેક્ષા અને મેટલ શેરોમાં સતત ખરીદીને કારણે બજારના સેન્ટિમેન્ટમાં વધારો થયો છે. રિકેપિટલાઈઝેશનને આખરી ઓપ આપવામાં આવ્યો હોવાથી પીએસયુ બેન્કોએ ચડિયાતો દેખાવ કર્યો છે જ્યારે તાજેતરની તેજી બાદ ઓટો શેરોમાં હાલ થકાવટના સંકેત છે. વૈશ્વિક બજારના હકારાત્મક સંકેત અને ડિસેમ્બર માટે ભારતના સર્વિસિસ પીએમઆઈ ડેટામાં સુધારાથી બજારને નવા ઝોનમાં પ્રવેશ કરવામાં મદદ મળી છે. સીએસઓ દ્વારા જીડીપી વૃદ્ધિના અંદાજમાં ઘટાડાથી બજારને અસર થઈ ન હતી, કારણ કે બજારના ખેલાડીઓ માને છે કે આ અંદાજ સાવધ છે અને અર્થતંત્રમાં ત્રિમાસિક ધોરણે વધારાનો ટ્રેન્ડ વધુ આગળ વધવાની ધારણા છે. બજારનો ટ્રેન્ડ હકારાત્મક છે પરંતુ આપણને ટૂંકા ગાળાની થોડી વોલેટિલિટી જોવા મળે તેવી ધારણા છે.

આભાર - નિહારીકા રવિયા બજેટની અંતિમ જાહેરાત, ડિસેમ્બર માટે સીપીઆઈ ફુગાવો વધીને ૫.૦૪% (૪.૮૮% ની જગ્યાએ) થવાની સરેરાશ ધારણા અને ક્રૂડ ઓઈલના વૈશ્વિક ભાવમાં વધારાને કારણે બજારમાં થોડી વોલેટિલિટી ઊભી થઈ શકે છે અને તેનાથી પ્રીમિયમ વેલ્યુએશનને અસર થઈ શકે છે. આ કેન્દ્રીય બજેટની મુખ્ય જરૂરિયાતોમાં સંતુલિત રાજકોષીય નીતિ, ડાયરેક્ટ ટેક્સ માળખામાં સુધારો અને વૃદ્ધિલક્ષી સુધારાનું સાતત્યનો સમાવેશ થાય છે. કેન્દ્ર સત્તાધારી પક્ષનું આ ચોથું બજેટ છે. ૨૦૧૮માં કેટલાંક મોટાં રાજ્યો અને ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીને કારણે મોટા સુધારામાં થોડો ખચકાટ રહી શકે છે. તેથી બજેટ લોકરંજક રહેવાની ધારણા છે. તેમાં ગ્રામીણ અને કૃષિ ક્ષેત્ર તથા રોજગારી યોજના પર વધુ ખર્ચની શક્યતા છે. નોટબંધી અને જીએસટીને કારણે ઊભી થયેલી મુશ્કેલીઓને કારણે સરકારનો ચૂંટણી માટેનો વિશ્વાસ થોડો ઘટ્યો છે. તેથી ગ્રામીણ અને કૃષિ ક્ષેત્ર માટે જંગી લાભ ઓફર કરશે તો તેનાથી બજાર માટે જોખમ ઊભું થઈ શકે છે. રાજકોષીય ખાધમાં વધારો, સરકારના બોન્ડ ઈશ્યૂમાં વધારો અને ઊંચા વ્યાજદર બજાર માટેનાં બીજાં જોખમો છે. બજાર એ જાણવા આતુર છે કે સરકાર ૨૦૧૮ અને ૨૦૧૯ માટે ૩.૨% અને ૩.૦%નો રાજકોષીય ખાધનો લક્ષ્યાંક હાંસલ કરી શકે છે કે નહીં. છેલ્લા છ મહિનામાં સરકારના ૧૦ વર્ષની બોન્ડની યીલ્ડ ૮૦ બેસિસ પોઈન્ટ્સ વધીને ૭.૩૫% થઈ છે.ગયા વર્ષની જેમ આ વર્ષે પણ એવી અટકળો છે કે બજેટમાં એસટીટીમાં વધારો થઈ શકે છે અથવા લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સનો અમલ થઈ શકે છે. ટેક્સ માળખાના સંદર્ભમાં ડાયરેક્ટ ટેક્સના સુધારાની કામગીરી પૂરી થઈ છે. તેથી સરકાર હવે ડાયરેક્ટ ટેક્સ પર તેનું ધ્યાન કેન્દ્રિત કરે તેવી ધારણા છે. સરકારે અગાઉ ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષના કેન્દ્રીય બજેટમાં કોર્પોરેટ ટેક્સને ઘટાડીને ૨૫% કરવાનો સંકેત આપ્યો હતો તેથી આ મુદ્દે કોઈ જાહેરાત થાય તેવી ધારણા રાખી શકીએ છીએ. જો કે જીએસટીના અમલને કારણે ઊભી થયેલી મુશ્કેલીને ધ્યાનમાં રાખતાં લાગે છે કે આ મુદ્દે સરકારને રાજકોષીય ખાધને સંભવિત અસર અંગે વિશ્વાસ હશે તો જ કોઈ પગલું લેવામાં આવશે. ફૂડ અને નોન ફૂડ આઈટમના જીએસટી રેટમાં ઘટાડાની ધારણા છે પરંતુ બજેટમાં તેની જાહેરાત ન થવાની વધુ શક્યતા છે, કારણ કે તેનો નિર્ણય જીએસટી કાઉન્સિલ કરે છે. ખેર હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!





**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૦૯/૦૧/૨૦૧૮ ના રોજ ૧૦૬૨૩ પોઈન્ટ ખુલીને ૧૦૫૯૬ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૬૯૫ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૯૮ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૧૧ પોઈન્ટના ઉછાળે ૧૦૬૮૪ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૦૯/૦૧/૨૦૧૮ ના રોજ ૨૫૬૯૯ પોઈન્ટ ખુલીને ૨૫૫૫૦ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૭૭૯ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૨૯ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૯૮ પોઈન્ટના ઉછાળે ૨૫૭૩૪ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૬૮૪)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૦૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૬૪૬ પોઈન્ટથી ૧૦૬૧૬ પોઈન્ટ, ૧૦૬૦૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૫૭૩૪)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૨૫૪૪૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૮૦૮ પોઈન્ટથી ૨૫૮૮૦ પોઈન્ટ, ૨૫૯૨૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૯૨૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

**૧) ડૉ.રેડ્ડી ( ૨૪૫૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૨૪૨૪ ના પ્રથમ સપોર્ટથી ખરીદવા લાયક...!! ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૪૭૪ થી રૂ.૨૪૮૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!**

**૨) HDFC લિમિટેડ ( ૧૭૫૭ ) :- આ સ્ટોક રૂ.૧૭૨૩ નો પ્રથમ તેમજ રૂ.૧૭૦૯ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૭૭૩ થી રૂ.૧૭૯૦ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!**

**૩) લ્યુપિન લિમિટેડ ( ૯૨૦ ) :- ૬૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૯૦૯ નો પ્રથમ તેમજ રૂ.૮૯૩ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૯૩૯ થી રૂ.૯૫૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!**

**- ૪) લાર્સન લિમિટેડ ( ૧૩૨૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૬૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૭૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૩૧૩ થી રૂ.૧૩૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૩૭૭ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!**

**- ૫) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ( ૯૪૮ ) :- રૂ.૯૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૯૩૩ થી રૂ.૯૨૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૯૩ઉપર તેજી તરફી ધ્યાન...!!**

**- ૬) તાતા સ્ટીલ ( ૭૭૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૯૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૮૦૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૭૫૭ થી રૂ.૭૪૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૮૧૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!**

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) ખાદિમ ઈન્ડિયા ( ૬૮૯ ) :- ફૂટવેર ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૬૭૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૬૬૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૭૦૭ થી રૂ.૭૧૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૭૨૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) રામકો સિસ્ટમ ( ૫૫૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૫૪૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૫૨૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૫૭૪ થી રૂ.૫૮૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) TV ટુડે ( ૪૬૬ ) :- રૂ.૪૪૭ નો પ્રથમ તેમજ રૂ.૪૩૩ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૪૮૭ થી રૂ.૪૯૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) યુનિપ્લાય ઈન્ડસ્ટ્રીઝ ( ૪૧૦ ) :- ફોરેસ્ટ પ્રોડક્ટ્સ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૪૨૪ થી રૂ.૪૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૩૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) NCL ઈન્ડસ્ટ્રીઝ ( ૨૭૮ ) :- રૂ.૨૬૦ નો પ્રથમ તેમજ રૂ.૨૫૩ ના સ્ટોગ સપોર્ટથી સિમેન્ટ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૮૯ થી રૂ.૨૯૪ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) EMKAY ગ્લોબલ ( ૨૨૯ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૨૧૩ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૨૪૨ થી રૂ.૨૫૦ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) RAMKY ઈન્ફ્રાસ્ટ્રક્ચર ( ૨૩૩ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૨૧૯ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૨૪૭ થી રૂ.૨૫૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) ગ્રેવિટા ઈન્ડિયા ( ૧૯૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ મેટલ્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૬ આસપાસ રોકાણકારે રૂ.૨૦૨ થી રૂ.૨૧૨ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૧૭૦ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

**૧) ઓમક્ષ ઓટો ( ૧૦૨ ) :- ઓટો સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૧૧૩ થી રૂ.૧૧૭ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!**

**૨) રોલ્ટા ઈન્ડિયા ( ૭૬ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ટેકનોલોજી સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૭૦ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૮૨ થી રૂ.૮૮ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!**

**૩) ૯૧૮ બ્રોડકાસ્ટ ( ૬૪ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૦ નો પ્રથમ તેમજ રૂ.૫૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક બ્રોડકાસ્ટ સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૭૦ થી રૂ.૭૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!**

**૪) ડુકોન ઈન્ફ્રા ( ૫૬ ) :- રૂ.૪૮ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૬૨ થી રૂ.૭૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૪ ઉપર તેજી તરફી ધ્યાન.....!!**

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૬૦૬ થી ૧૦૭૦૭ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

# મખાણું ગામે ખેડૂત તાલીમ યોજાઈ


હસમુખ ચૌધરી

લવાણા

દિયોદર તાલુકા ના મખાણુ ગામે નેશનલ મિશન ઓન ઓઈલસીડ એન્ડ ઓઈલપામ દ્વારા ખેતીવાડી ખેડૂત તાલીમ યોજાઈ હતી જેમાં નિષ્ણાત ડોકટરો દ્વારા ખેડૂતોને પશુ જાળવણી પશુની ઓલાદ સુધારણા તેમજ પશુ માં થતા રોગો દૂધ નો વધારો કઇ રીતે મેળવવો તેમજ ખેતીમાં ખેડૂતતોને ખેતીવાડી ધ્વરા કઈ કઈ સહાય આપવામાં આવે છે તેમજ ખેડૂતોએ પોતાને જરૂરી ખેતીને લગતા ઓજારોની સહાય કઈ રીતે મેળવવી તેવી પણ આ તાલીમમાં માહિતી આપવામાં આવી તો સાથે સાથે આ વિસ્તારમાં થતી દાડમ જેવી બાગાયતી ખેતીમાં સારું ઉત્પાદન કઈ રીતે મેળવી શકાય જેની પણ ખેડૂતોને માહિતી આપવામાં આવી હતીઆ કાર્યક્રમમાં મખાણુ ગામના સરપંચ ભાણાભાઈ પટેલ ગ્રામ સહાયક હીરાભાઈ પરમાર ગણેશભાઈ પટેલ વિરમભાઈ પટેલ ડો. ડી કે પટેલ ડો. એ ડી પરમાર તેમજ મખાણું ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમની આભાર વિધિ અશોકભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી.

# ધાનેરા કે.આર.આંજણા કોલેજમાં બ્લડ કેમ્પનું કરાયુ આયોજન

તા.પ્રતિ. ધાનેરા

વિવેકાનંદ જયંતિ ના પાવન અવસર પર ધાનેરાની શ્રી કે.આર.આંજણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિવેકાનંદ જયંતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના વિધાર્થી-વિધાર્થીની ઓ દ્વારા રક્તદાન પણ કરવામાં આવ્યુ હતુ. જેમાં ૬૫ બોટલ રક્ત એકત્ર કરાયુ હતુ. જે રક્તદાન ભણસાલી ટ્રસ્ટની બ્લડ બેંકના કર્મચારીઓના સહયોગથી કામકાજ પુર્ણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે કોલેજના પ્રમુખ આર.જી. પટેલ, મંત્રી દિનેશભાઈ ચૌધરી, ઉપ પ્રમુખ સુરતાભાઈ પટેલ,નારણભાઈ ચૌધરી, તેમજ કોલેજના આચાર્ય ડો.લાલાભાઈ પટેલ, ટ્રસ્ટી ગણ અને કોલેજના સ્ટાફ હાજર રહ્યો હતો. જેમાં પ્રમુખશ્રીએ વિવેકાનંદના જીવન નચિત્ર વિષે વિધાર્થીઓને ખ્યાલ આપીને તેમના પગલે ચાલવાની પ્રેરણા પણ આપી હતી.

# જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ યોજાયો

પાલનપુર

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર પ્રેરિત બનાસ ગ્રામ વિકાસ સમિતિ સંચાલિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, પાલનપુર દ્વારા તા.૪/૧/૧૮ ના રોજ સામઢી (મોટાવાસ) પ્રાથમિક શાળા ખાતે અંધશ્રદ્ધા નિર્મૂલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તજજ્ઞ તરીકે નરેશભાઈ બાજરિયા તથા રાકેશભાઈ સામઢિયા તથા અરવિંદભાઈ માલુણાએ આ કાર્યક્રમ દ્વારા આજના આધુનિક સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓથી બચવા અને લોકોને ગેરમાર્ગે દોરતા ભૂવાઓના તરકોટોથી બચવા જેવી કે શ્રીફળમાં આગ પેદા કરવી, શ્રીફળમાંથી ચુંદડી કાઢવી, નજર ઉતારવી જેવા પ્રયોગો દ્વારા તાદશ બતાવવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો.ઓર્ડિનેટ અરવિંદભાઈ માલુણા અને રાકેશભાઈ સમાઢિયાએ કર્યું હતું.

# ગઢ વિમળા વિધાલયની સાયન્સ કોલેજમાં યુવાદિનની ઉજવણી કરાઈ




પાલનપુર

ગઢ -પાલનપુર નાં ગઢ ખાતે આવેલી વિમળા વિધાલય કેમ્પસમાં શ્રી કુમારભાઈ સેવંતિલાલ જવેરી સાયન્સ કોલેજ દ્વારા કેમ્પસના પટાંગણમાં શુક્રવારે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે યુવાદિન ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સ્વામી વિવેકાનંદ ની જન્મજયંતિ નિમિત્તે શ્રી કુમારભાઈ સેવંતિલાલ જવેરી સાયન્સ કોલેજ યુવાદિન કાર્યક્રમ નાં મુખ્ય મહેમાન પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત સદસ્ય મનોજભાઈ કાપડી, એનએસએસનાં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા હરચંદભાઈ ચૌહાણ, ગઢ સરપંચ વસંતભાઈ રાઠોડ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સલીમ શેખ દ્વારા દિપ પ્રાગટ્ય કરીને યુવાદિન કાયૅક્રમ ને ખુલ્લો મુકાયો હતો. સ્વાગત પ્રવચન સાયન્સ કોલેજ ના પ્રિન્સીપાલ ધવલભાઈ પ્રજાપતિ એ પ્રવચન કર્યું હતું. બાદમાં યુવાનોના પ્રેરણા સ્ત્રોત સ્વામી વિવેકાનંદ નાં જીવન ચરિત્ર ઉપર મહાનુભાવોએ પ્રવચન કર્યું હતું. પાણી બચાવો, બેટી પઢાવો, સ્વામી વિવેકાનંદ નું જીવન ચરિત્ર ઉપર કોલેજનાં વિધાર્થીઓ દ્વારા નાટક, ડાન્સ, સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં. આ પ્રસંગે ભાગ લેનારા વિધાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે કોલેજ સ્ટાફ સહિત વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢમાં ‘રાષ્ટ્રીય યુવા દિન’ ની ઉજવણી


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદજીના જીવન સંદેશ વિશે તથા ઉમદા માનવ બને તેવા શુભાશયથી તા. ૧૨ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ‘‘રાષ્ટ્રીય યુવા દિન’’ ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. પ્રાર્થના બાદ સંસ્થાના આચાર્ય નરેશભાઈ ચૌધરી તથા વિદ્યાર્થીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શર્મા જ્યોતિ ડાભી ઈન્દુ, દેસાઈ મનુ અને ડાભી ગણપતે સ્વામી વિવેકાનંદજીના જીવન અને કાર્ય વિશે વક્તવ્યો આપ્યા હતા. આ પ્રસંગે પ્રા.રૂપેશભાઈ ગોસ્વામીએ યુવાનોના આદર્શ સ્વામી વિવેકાનંદ વિશે મનનીય વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, ત્યાગ, સેવા રાષ્ટ્રીયતા, ચારિત્ર્ય ઈત્યાદિ ગુણો કેળવાય તેવા વિચારો રજૂ કર્યા હતા. અંતે કાર્યક્રમના અધ્યક્ષ આચાર્ય નરેશભાઈએ વિદ્યાર્થીઓને ‘રાષ્ટ્રીય યુવા દિન’ ની શુભેચ્છા આપી સ્વામી વિવેકાનંદજીના આધ્યાત્મિક વિચારો વિશે વિસ્તૃત સમજ આપી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.વર્ષાબેન ચૌધરીએ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રો.ઓ. નરેન્દ્રભાઈ રાવલે કર્યું હતું.

# ડીસામાં દાનવીરનું બહુમાન



ડીસા

ડીસામાં રાજયકક્ષાની બેઝબોલ સ્પર્ધાની પૂર્ણાહુતિ પ્રસંગે સ્પર્ધામાં દાતા ચંદ્રકાંતભાઈ પઢીયારનું ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડેમી દ્વારા શાલ અને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરી તેમની ડીસામાં રમતગમત અને શિક્ષણ પ્રત્યેની ઉદાર ભાવનાને બિરદાવી હતી. જે પ્રસંગે પ્રગતિ અભિવાદન ગૃપના લલિતભાઈ દોશી, એકેડેમીના પ્રમુખ વિપુલ આલ, મંત્રી સતીષ બનાવાળા, રાજુભાઈ ઠક્કર વગેરે હાજર રહ્યા હતા.

# થેરવાડા ગામની નાલંદા વિદ્યાલયમાં આતંરાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી

ડીસા

ડીસા તાલુકાના થેરવાડા ગામની નાલંદા વિધાલયમાં ૧૨મી જાન્યુઆરી એટલે આતરાષ્ટીય યુવા દિન આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાર્થના સભામાં સ્વામી વિવેકાનંદના ફોટો અને ફૂલ હાર પહેરાવીને દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિધાર્થી ભાઈઓ અને બેનોએ ભાગ લીધો હતો. જેમાં સ્વામી વિવેકાનંદના જન્મથી માંડીને મૃત્યુ સુધીની વિવિધ ઘટનાઓ વિદ્યાર્થીઓએ પોતાના વકતત્વયમાં વાગોળી હતી અને એમાંથી વિવિધ ઘટનાઓ બાળપણના સંસ્મરણો અમેરિકાના શિકાગો શહેરમાં ભરાએલ ધર્મ પરિસદનું વકતવ્ય પણ વિદ્યાર્થીએ રજૂ કર્યું હતું. શાળાના આચાર્ય ભરતભાઈ ચૌધરીએ આ પ્રસંગ અનુરૂપ પ્રવચન આપીને શાળાના યુવાઓ બિરદાવ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ દવે કર્યું હતું.

# તપોવની ૨૫૦ બાળકોનો પતંગ ચગાવવાનો બહિષ્કાર કરી પક્ષીને બચાવવાનો નિર્ધાર



નવસારી

નવસારી- તપોવનમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીની પાવન નિશ્રામાં તપોવની બાળકોએ અહિંસા અભિયાન જાગૃતિ નિમિત્તે વિવિધ સ્લોગનના બેનરો તૈયાર કરીને પતંગથી પશુ- પક્ષી અને માનવોને થતાં નુકશાનો અંગે લોકોને વાકેફ કર્યા હતા. પૂજ્યશ્રીની પ્રેરણાથી ૨૫૦ તપોવની બાળકોએ પતંગ ચગાવવાનો બહિષ્કાર કર્યો હતો તથા પશુ- પક્ષીને બચાવવાનો નિર્ધાર કર્યો હતો.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે, પતંગની ક્ષણિક મજામાં અબોલ પશુ- પક્ષીઓને મોતની સજા મળે છે. પતંગનો દોરો પક્ષીઓ માટે મોતનો છરો બની શકે છે. ચકલી કે કબુતર પોતાના બચ્ચાના ભોજન માટે કણ શોધવા જતાં વચ્ચે ક્યાંક પતંગની કાતિલ દોરીથી ધડ કે પાંખ કપાઈ જાય છે. કુતરા- બિલાડાના મોંઢામાં ચવાઈ જતા હોય છે. પતંગના રસીયાઓએ વિચારવું જોઈએ કે, માતા વિહોણા તે માળામાં રહેલા બચ્ચાઓ કેવી ચીસો પાડતા હશે? ભૂખ અને તરસથી કેવા તરફડી રહ્યા હશે?? પતંગના ક્ષણિક આનંદમાં સેંકડો જીવોની કતલ શું યોગ્ય છે ખરી??

પૂજ્યશ્રીએ કહ્યું કે, પતંગ પકડવાની ધૂનમાં કેટલાય બાળકો છાપરા કે ધાબા ઉપરથી પડીને મૃત્યુ પામે છે. તો કેટલાક વાહનના હડફેટમાં આવી હોસ્પિટલ ભેગા થાય છે. સ્કુટર - બાઈક ઉપર જતાં યુવાન તથા બાળકોના કાતિલ દોરીથી ગળા કપાય છે. પતંગની મજા નિર્દોષ જીવોના મોતનું અને દુ:ખનું નિમિત્ત હોવાથી સદંતર ત્યાગ કરવો જોઈએ. મકર સંક્રાંતિ અતિપવિત્ર દિવસ હોવાથી દાન- પુણ્ય- ભક્તિ- સેવા કરીને લખલૂટ પુણ્ય કમાવવું જોઈએ. તપોવની બાળકોએ વિવિધ બેનરોમાં મસ્ત લખાણ કર્યું હતું. જેવા કે પતંગનો દોરો, મરણનો છરો.’’ ‘‘અબોલ પ્રાણીઓ કરે પોકાર, પતંગથી બચાવો હે નરનાર.’’ ‘‘પતંગની મજા પક્ષીઓને સજા’’, મકરસંક્રાંતિ- કરો પુણ્યની ક્રાંતિ’’

# ધાનેરાની મોટામેડા પ્રાથમીક શાળામાં વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાના મોટામેડા પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના વિધાર્થીઓ તથા ગામ લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પ્રસંગ નિમીતે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિતે શાળાના કેટલાક બાળકોએ સ્વામી વિવેકાનંદનો પોશાક ધારણ કરીને આકર્ષણ જણાવ્યુ હતુ. વિધાર્થીઓ તેમજ ગામ લોકોએ આ પ્રસંગે યુવા જાગ્રુતિ અને વ્યસનમુક્તિ રેલીનુ આયોજન કર્યુ હતુ. જેના દ્વારા યુવાનોને વ્યસનમુક્ત બનવા તથા સ્વસ્થ જીવન જીવાનો સંદેસ નાટક દ્વારા આપવામાં આવ્યો હતો. તેમજ સ્વામી વિવેકાનંદ જીવન અને કાર્ય વિશે શાળામાં વ્યક્તુત્વ તેમજ નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિધ્યાર્થીઓને આકર્ષક ઈનામ આવપામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થીત રહેનાર વિવેકાનંદ યુવક મંડળ ધાનેરાના મહામંત્રી જગમાલભાઈ પી. પટેલ શાળાના દરેક વિધાર્થીઓને બુટ-મોજા ભેટમાં આપવાની જાહેરાત કરી હતી.

# આસેડા ગામનું ગૌરવ


ચેતન શ્રીમાળી

પ્રતિ. આસેડા

એમ.એચ.આર.ડી. ન્યુ દિલ્હી દ્વારા ગત તા. ૫/૧૧/૨૦૧૭ ના રોજ ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટે નેશનલ મિન્સ કમ મેરિટ સ્કોલરશીપ પરીક્ષા લેવાયેલ, જેમાં આસેડા પે સેન્ટર શાળા, તા-ડીસાના ચાર બાળકો વાધણિયા પ્રવિણજી વીરમાજી-૧૪૮ માર્કસ, ભાદાણી મનિષ અશ્વિનભાઈ ૧૪૦ માર્કસ ભાદાણી નેહા વેરશીભાઈ ૧૩૮ માર્કસ તથા પ્રજાપતિ અંકિત જોરાભાઈ ૧૩૭ માર્કસ મેળવી કટ ઓફ મેરીટ યાદીમાં સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. આ તમામ બાળકોને શાળાના ઉત્સાહી આચાર્ય પંચાલ જીતુભાઈએ પ્રોત્સાહક ઈનામ આપી સન્માનિત કરેલ.

# ભાભર ખાતે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ ઉજવાઈ


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભારતીય સંસ્કૃતિનો વિશ્વમાં ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદજીની ૧૫૫ મી જન્મ જયંતિની ભાભર ખાતે શહેર ભાજપ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. સ્વામીની પ્રતિમાને ફુલહાર પહેરાવી સુત્રો સાથે કાર્યકરોએ ઉજવણી કરી હતી. જેમાં ગુ.પ્ર.ભાજપ મંત્રી નૌકાબેન પ્રજાપતિ, શહેર ભાજપ પ્રમુખ પ્રભાતસિંહ રાઠોડ, પાલિકા પ્રમુખ વૈકુંઠરામ આચાર્ય, પૂર્વ પ્રમુખ હરીભાઈ આચાર્ય, તેમજ નાગરસેવકો બલુભા રાઠોડ, ચીનુભા રાઠોડ, કનુભાઈ ઠક્કર, કમલેશભાઈ પ્રજાપતિ, નવિનભાઈ માળી અને અમરતભાઈ પંચાલ, વિનોદભાઈ ઠક્કર, પ્રવિણસિંહ રાઠોડ, બાબુભા રાઠોડ સહિત ભાજપના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

# પાલનપુરમાં કૉંગ્રેસ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી



પાલનપુર

પાલનપુર ખાતે કૉંગ્રેસ દ્વારા પણ સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે પાલનપુર ના ધારાસભ્ય મહેશ પટેલ, જિલ્લા પ્રમુખ ઝાકિર ચૌહાણ, પાલનપુર પાલિકાના વિપક્ષના નેતા અમૃત દાઢી, આશાબેન રાવલ સહિતના અગ્રણીઓએ હાજર રહી સ્વામી વિવેકાનંદજી ની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.

# ભારત વિકાસ પરિષદ ધાનેરા શાખા દ્વારા પર બોટલ રક્ત એકઠું કરાયું



એન.કે.મોદી

તા.પ્રતિ ધાનેરા

વિરાટ ભારતના યુગ દ્રષ્ટા શ્રી સ્વામી વિવેકાનંદજીની ૧૫૫ મી જન્મ જયંતિ નિમિત્તે ‘ભારત વિકાસ પરિષદ’ ધાનેરા દ્વારા આયોજિત ‘રક્તદાન’ કેમ્પમાં આર.એસ. હોસ્પિટલમાં પર બોટલ રક્ત એમ. જે. ભણસાળીના સહયોગથી કરવામાં આવ્યું હતું. ભા.વિ.૫ ના પ્રમુખ ડો. લાખાભાઈએ તથા ભા.વિ. ૫.ના પ્રાંત પ્રમુખ અરવિદંભાઈ તુવરે જણાવેલ કે. સ્વામી વિવેકાનંદજીની યાદને તાજી કરીને તેમના વિચારોને આપણે આગળ ધપાવીએ અને રાષ્ટ્ર હિતમાં બ્લડ ડોનેટ કરી કોઈની જીંદગી બચાવવા મદદરૂપ બનીએ તે ખરા અર્થમાં રાષ્ટ્ર સેવા જ છે.

# રાજસ્થાનમાં આબુરોડ ખાતે નિર્માણાધીન પૂજ્ય જલારામબાપાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

ડીસા

સમગ્ર ગુજરાત અને વિશેષ કરીને સૌરાષ્ટ્ર ઉપરાંત દેશ, વિદેશમાં પૂજ્ય જલારામબાપાના અનેક ભક્તો સેવાકાર્યથી રંગાયેલા છે. સમગ્ર વિશ્વમાં અનેક જલારામ મંદિરો નિર્માણ પામ્યાં છે. અને તેના થકી ભૂખ્યાને ભોજનનો એક મોટો યજ્ઞ ચાલી રહેલ છે. ગુજરાતની સરહદને અડીને આવેલા રાજસ્થાનમાં આબુરોડ ખાતે પણ અંદાજે ૩૦૦૦ (ત્રણ) હજાર ચોરસફૂટ વિસ્તારમાં આબૂરોડ - ઋષિકેશ હાઈવે ઉપર પૂજ્ય જલારામબાપાનું મંદિર નિર્માણ પામી રહેલ છે. આબુરોડમાં માત્ર એક જ રઘુવંશી લોહાણા સમાજનું ઘર હોવા છતાં ખૂબ મોટું સાહસ કરીને પૂજ્ય જલારામબાપાનું મંદિર નિર્માણ થાય તે માટે સતત પ્રયત્નો કરતા પ્રભુદાસભાઈ ઠક્કર તેમના ધર્મપત્ની શ્રીમતી કમળાબેન તેમના દીકરાઓ કલ્પેશભાઈ અને અમિતભાઈ તેમજ દીકરી વર્ષાબેન સહિતનું સમગ્ર પરિવાર ખૂબ જ અભિનંદનને પાત્ર છે. આબુરોડના દયારામભાઈ સિંધી સહિત અનેક સજ્જનો તેમની પડખે અને સહકારમાં છે.

તાજેતરમાં ડીસા - અમદાવાદ - પાલનપુરના રઘુવંશી સમાજના નવલોહિયા યુવાનો બળદેવભાઈ ગટ્ટા, મહેશભાઈ ઉદેચા, મહેશભાઈ જીવરાજભાઈ ઠક્કર, ભૂપતભાઈ આયા, પ્રભુદાસભાઈ ગટ્ટા અને સુરેશભાઈ કારિયા સહિત સૌએ આબુરોડ જલારામ મંદિરની મુલાકાત લઈ બાંધકામ કામગી- રીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. છેલ્લા ૧૫ વર્ષથી મંદિરનું કામકાજ ચાલુ છે. અને હવે આવતા વર્ષે વાજતે ગાજતે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થાય તેવી સંપૂર્ણ શક્યતા છે. આબુરોડ જલારામ મંદિરની વિશેષ માહિતી કે સહયોગ આપવા માટે પ્રભુદાસભાઈ મો. નં. ૯૭૮૩૮૬૨૫૮૪ અને કલ્પેશભાઈ મો.નં. ૯૯૮૩૫૬૫૬૪૬ ઉપર સંપર્ક કરવાનો રહેશે. ખૂબ જ નિસ્વાર્થ, નિખાલસ, નીડર, સેવાભાવી, જલારામપ્રેમી એવા પ્રભુદાસભાઈ અને ખાસ કરીને તેમનાં ધર્મપત્ની શ્રીમતી કમળાબેન અને સમગ્ર પરિવારે પૂજ્ય જલારામબાપાનું મંદિર આબુરોડમાં બને તેવો અભૂતપૂર્વ સંકલ્પ કરેલ છે. ત્યારે સૌને આ કાર્યમાં જોડાવા અને સહકાર આપવા પણ અપીલ કરાઈ છે. આબુરોડ જલારામ મંદિર થકી ભવિષ્યમાં અનેક સેવાકાર્યો પણ થનાર છે ત્યારે આબુરોડ, માઉન્ટઆબુ કે રાજસ્થાન જનાર સૌ કોઈ માટે આ મંદિર દર્શનીય સ્થળ બની રહેશે.

## પ્રાંસલાની...

પાના નં .૧ ચાલુ

લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. જો કે, હાલ તો, પ્રાંસલાની આગ દુર્ઘટનાને લઇ ભોગ બનેલા અને પીડિત પરિવારજનોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે.
આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ઉપલેટાથી ૩૦ કિલોમીટર દૂર પ્રાંસલા ખાતે છેલ્લા કેટલાક દિવસથી રાષ્ટ્રકથા શિબિર ચાલી રહી હતી, જેમાં પ્રથમ દિવસે ખુદ રાજયના મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણી આવ્યા હતા. ગઈકાલે શિબિરનો છેલ્લો દિવસ હતો અને મોટાભાગના લોકો ઘેર જવા રવાના થઇ ગયા હતા. આ શિબિર માટે ખાસ વ્યવસ્થાના ભાગરૂપે દસ હજારથી વધુ ટેન્ટ ઉભા કરાયા હતા. શિબિરમાં આશરે દસ હજારથી વધુ શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. જો કે, ગઈકાલ સુધી ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ છેલ્લે રોકાયેલી હતી. મોટાભાગના શિબિરાર્થીઓ રાત્રે ભોજન કર્યા બાદ આરામ કરી રહ્યા હતા ત્યારે કિશોરીઓ જે વિભાગના ટેન્ટમાં સૂતી હતી ત્યાં અચાનક કોઈક કારણસર શોર્ટ સર્કીટના કારણે આગ ફાટી નીકળી હતી. કાપડના ટેન્ટ હોવાના કારણે કોઇ કંઇ સમજે તે પહેલાં જ ગણતરીની પળોમાં જ આગ જબરદસ્ત રીતે પ્રસરી ગઇ હતી અને કિશોરીઓનો વિભાગ હતો ત્યાંના આશરે ૬૦થી વધુ ટેન્ટ બળીને ખાખ થઇ ગયા હતા. આગ લાગતાં સમગ્ર શબિરમાં ચોતરફ હાહાકાર અને ચીસાચીસ અને આગની જવાળાઓમાં લપટાયેલી કિશોરીઓના કરૂણ આક્રંદથી વાતાવરણ ડરામણું અને બિહામણું બની ગયું હતું. ચારેકોર નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. શિબિર વખતે હાજર રહેલી આર્મી, એનડીઆરએફ અને નેવી ઉપરાંત, ફાયરબ્રિગેડના જવાનોએ સંયુકત ઓપરેશન હાથ ધર્યુ હતું અને અસરકારક રીતે રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી પરંતુ તેમછતાં ત્રણ કિશોરીઓ આ ભયાનક આગમાં ભડથું થઇ ગઇ હતી, જયારે ૨૧ જેટલી કિશોરીઓ ગંભીર રીતે દાઝી ગઇ હતી. સમગ્ર દુર્ઘટનાને પગલે ગુજરાત સહિત દેશભરમાં હાહાકાર મચી ગયો હતો. ઉત્તરાયણના એક દિવસ પહેલા આ ઘટના બની હતી.

## મુમુક્ષ ચિ.પાર્થ ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કરશે. તા.૨૧/૧/૨૦૧૮ સવારે ૯/૦૦ કલાકે મુમુક્ષુ પાર્થ (બિટ્ટુ) નો વરસીદાનનો ભવ્ય વરઘોડો - શોભાયાત્રા નીકળી નગર પ્રદક્ષિણા કરશે. તથા અન્ય વિવિધ વિધાન યોજાશે. તા.૨૨/૧/૨૦૧૮ ના સવારે ૬/૦૦ કલાકે ગૃહત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ દિક્ષા વિધિ માટે પ્રયાણ કરશે. જે સવારે ૬/૪૫ કલાકે શરૂ થશે. બપોરે ૧૨/૩૯ પાવાપુરી વીર શાસન મહિલા મંડળ સત્તર ભેદી પૂજા ભણાવશે. થરા ભક્તિ નગર પાવાપુરી સોસાયટી ખાતે છેલ્લા ઘણા સમયથી પૂ.પંન્યાસ શ્રી જય ભૂષણ વિજયજી મ.સા.ની ઉમદા વાણીનો લાભ ભાવિક ભક્તો લઈ રહ્યા છે.

## પાલનપુરમાં એચ.આઈ.વી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સહયોગથી ધાબળા વિતરણ કરવામાં આવેલ અને બીપીનભાઈ ગુપ્તાએ બાળકોને સ્વેટર આપવામાં આવેલ તેમજ શામભાઈ એ ભાઈઓ માટે પેન્ટ મોકલાવેલ આમ સમાજ ના વિવિધ સહયોગી લોકોના સહયોગથી અનોખી રીતે‘‘પતંગ ઉત્સવ કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવેલ.

આજના કાર્યક્રમમાં સિવીલ હોસ્પિટલ આર.એમ.ઓ ડૉ.રેખાબેન કેલા, બનાસ મેડીકલ કોલેજના ડૉ.અનીલ સરાફ, ડૉ.હિતેશભાઈ ચોધરી, પરમાર વીરભદ્ર સિંહ ડી.ટી.ઓ.ડૉ.ચંદનાબેન અખાણી, એ.આર.ટી એસ.એમ.ઓ ડો.રોલી ચંદ્રા ડીસ્ટીક્ટ સુપરવાઈજર વસંતભાઈ લીમ્બાચીયા, ઈનરવ્હીલ કલબ પાલનપુર સીટીના પ્રમુખ નીલુબેન શાહ, ઈન્ડીયન ટાઈગર ગ્રુપના ચેરમેન પુરવભાઈ મોદી અને વા.ચેરમેન અંકીતભાઈ મોદી એ ખાસ ઉપસ્થિત રહી સહયોગ ફાળવી અનોખી રીતે પતંગ ઉત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ જેમાં બનાસ એન.પી.પ્લસ સસથાના કાર્યક્રરોએ ભારે જહેમત ઉઠાવેલ

## વાવમાં ફરી...

પાના નં .૮ ચાલુ

ચીલઝડપ કારોને પકડી પોલીસને હવાલે કરે છે. ત્યારબાદ ગણત્રીના કલાકોમાં તે છુટી જાય છે. જિ.પો.વડા અંગત રસ દાખવી શહેરમાં કથળી ગયેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સુધારે તે જનહીતમાં છે. હાલની પરિસ્થિતિ જોતા શહેરમાં જનતા રોકડ નાણા કે ભારે દાગીના પહેરીને નીકળતા ભય અનુભવે છે. પ્રજાના જાન-માલ સામે જોખમ મંડરાતા જિલ્લા પોલીસ વડા આ મુદ્દે ઘટતા પગલા ભરે તે જરૂરી છે.

## મોરથલ અને...

પાના નં .૮ ચાલુ

ને ધ્યાને લીધી ન હતી અને એક વર્ષ અગાઉ બનાવેલ આ કોઝવે બપોરે અચાનક તૂટી પડ્યો હતો.આ કોઝવેની સાઈડમાં પણ મોટી તિરાડ આવિ જવાપામી હતી.આ કોઝવે તૂટતા ગામમાં દૂધનું ટેન્કર આવવાનું બંધ થઈ જવા પામ્યું હતું જેથી દશ હજાર લીટર દૂધ ડેરીમાં જતું અટકી જતા ગ્રામજનોને વ્યાપક નુકસાન વેઠવું પડયું હતું.ગ્રામજનો અને ગામના સરપંચ એ કોઝવે બનાવનાર કોન્ટ્રકટર સામે કાર્યવાહીનો માંગ સાથેગાંધી ચિધ્યામાર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને તત્કાલ આ કોઝવેને રીપેર કરવાની માંગ કરી છે.

## લાખણીની સરસ્વતી..

પાના નં .૮ ચાલુ

સરસ્વતી ધામોની હોય છે ત્યારે તલુકા મથક લાખણીમાં આવેલ સરસ્વતી વિદ્યાલયમાં શાળા પરિવાર દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. શાળામાં ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. દરેક વિદ્યાર્થીઓ અલગ-અલગ સમાજમાંથી આવે છે અને દરેકના પરિવારની આર્થિક પરિસ્થિતિ પણ અલગ અલગ છે. અને દરિકના શાળાના દરવાજામાં પ્રવેશ કર્યા પછી બધા જ બાળકો શાળા પરિવારના છે ત્યારે ક્યાંક બાળકોના લાગણી સભર સંબંધોની ઉણપ પરિવારની વર્તાતી હોય છે અને આવા મા-બાપા વિનાના બાળકોને મદદરૂપ બનવાનો વિચાર શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યો અને આવા બાળકોને સમજી લઈને તેમને શું જરૂરીયાત છે ? તેનો અભ્યાસ કરીને શાળામાં દાન પેટીઓ મુકવામાં આવી જેમાં વિદ્યાર્થીઓ પોતાના જન્મદિવસે અથવા અન્ય ખુશીના પ્રસંગે યથાશક્તિ દાન કરે અને જેમાં વિદ્યાર્થીઓ પણ હોશે.. હોશે.. ભાગ લે છે. જે રકમ મા-બાપ વગરના બાળકો માટે ઉપયોગમાં લેવામાં આવી રહી છે. વળી ચીજ વસ્તુઓ માટે દાતાઓનો પણ સહકાર લેવામાં આવે છે શાળામાં આવતું સાહિત્ય ભેગું કરીને પણ આપવામાં આવે છે શાળાનો કોઈપણ નાનો-મોટા કાર્ય ક્રમમાંથી બચત થયેલ રકમ પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

શાળા પરિવાર દ્વારા અલગ-અલગ શિક્ષકોના ગૃપ બનાવીને આવા બાળકોને સાથે લાગણી સભર સંવાદ કરવા અને તેના આત્મ વિશ્વાસમાં વધારો કરવા બાળકના માતા-પિતાના ઘરે પણ સમયાંતરે મુલાકાત લઈને મદદરૂપ બની રહ્યા છે.

## એનેસ્થેસિયાથી વ્યકિતને આવે છે ગાઢ ઊંઘ

લંડન

કોઇ પણ પ્રકારની સર્જરી કરવાની હોય ત્યારે દરદીને એનેસ્થેસિયા આપવામાં આવે છે અને તે ગાઢ ઊંઘમાં સરી પડે છે. ડોકટરો આ માટે પ્રોપોફોલ નામની દવાનો ઉપયોગ કરે છે અને આ દવા કેવી રીતે કામ કરે છે એની હજી સુધી જાણ થઇ નથી. માત્ર ઊંઘની ગોળી અને આ દવા વચ્ચે શું ભેદ છે એ વિશે સ્ટડી થઇ રહ્યો છે. આ વિશે રિસર્ચ કરનારા સાયન્ટિસ્ટોનું માનવું છે કે પ્રોપોફોલ માણસની નર્વસ સિસ્ટમ પર અસર કરે છે અને એના લીધે વ્યકિતના શરીરના ન્યુરોન્સ વચ્ચેની કમ્યુનિકેશન સિસ્ટમ અટકે છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૧૦૦-૩૯૩૦૦**
રૂપુ કાચું ૩૯૧૦૦-૩૯૩૦૦
સોનુ તોલો ૩૦૧૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૨૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૬૫૦-૧૯૨૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૪૦
૫ લીટર ૩૯૫
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૭૦
૫લી. અંકુર સીંગતેલ ૫૦૫
**૧૫ લીટર સનફલાય ૧૨૪૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૬૫૦**
ખાંડએલ. ૩૭૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૬૦-૨૦૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૨૦૦-૩૦૦
મરચાં ૪૦૦-૬૦૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૪૦-૧૬૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૮૦-૨૦૦
વટાણા ૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૧૦૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૬૦૦-૮૦૦

## દ.આફ્રિકા બોલર ડેલ સ્ટેનની નજર પોલાકના સૌથી વધુ ટેસ્ટ વિકેટના રેકોર્ડ પર

કેપટાઉન,

૩૪ વર્ષીય સ્ટાર ફાસ્ટ બોલર ડેલ સ્ટેનની નજર દક્ષિણ આફ્રિકા તરફથી સૌથી વધુ ટેસ્ટ વિકેટ ઝડપવાના રેકોર્ડ પર ટકેલી છે. સ્ટેન હાલ ૪૧૭ ટેસ્ટ વિકેટ ઝડપી ચૂક્યો છે અને તે શોન પોલોકના ૪૨૧ વિકેટના રેકોર્ડને તોડવાથી ફક્ત પાંચ વિકેટ જ દૂર છે. ખભાની ઈજાને કારણે સ્ટેનને ઘણો સમય ક્રિકેટથી દૂર રહેવું પડ્યું છે. હવે આશા છે કે ભારત સામે તા. ૫ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલી પ્રથમ ટેસ્ટમાં જ તે આ રેકોર્ડ પોતાના નામે નોંધાવી દેશે. સ્ટેનના નામે ન્યૂલેન્ડ્સના મેદાન પર ૧૩ ટેસ્ટમાં ૬૫ વિકેટ નોંધાયેલી છે. ૧૪ માસથી સ્ટેન ટેસ્ટ ક્રિકેટ રમ્યો નથી. ઝિમ્બાબ્વે સામે રમાયેલી ચાર દિવસીય ડે-નાઇટ ટેસ્ટમાં પણ સ્ટેન નહોતો રમ્યો. સ્ટેનના ખભાની ઈજા ડિસેમ્બર-૨૦૧૫માં ઈંગ્લેન્ડ સામે ડરબનમાં બહાર આવી હતી, પરંતુ નવેમ્બર-૨૦૧૬માં સ્ટેનનો ખભો પર્થમાં તૂટી ગયો હતો. ત્યાર બાદથી તે સર્જરી માટે સ્વદેશ પાછો ફર્યો હતો. ગત વર્ષે નવેમ્બરમાં તે મેદાનમાં પાછો ફર્યો અને એક ટી-૨૦ મેચ રમ્યો. ત્યાર બાદ ક્રિસ્મસ પહેલાં ઝિમ્બાબ્વે સામેની પ્રેક્ટિસ મેચમાં તેણે ૧૨ ઓવર બોલિંગ કરી, પરંતુ એક પણ વિકેટ ઝડપી શક્યો નહોતો. ડે-નાઇટ ટેસ્ટમાં તેણે મેદાનમાં ઊતરવાનું હતું, પરંતુ શરૂ થવાના દિવસે જ તે બીમાર પડ્યો અને મેચ રમી ના શક્યો. તેની ગેરહાજરીમાં પણ દક્ષિણ આફ્રિકાના ચાર ફાસ્ટ બોલર્સે ઝિમ્બાબ્વેને બે વાર ઓલઆઉટ કરી દઈને ટેસ્ટ મેચ જીતી લીધી હતી.

## રિદ્ધિમાન સાહાએ વિકેટ પાછળ ૧૦ કેચ ઝડપી ધોનીનો રેકોર્ડ તોડ્યો

કેપટાઉન

ફિલાન્ડરની કારકિર્દીના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનની મદદથી સાઉથ આફ્રિકાએ અહીં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ૭૨ રને પરાજય આફી ત્રણ ટેસ્ટ મેચની સિરીઝમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં વિકેટ કીપર રિદ્ધિમાન સહાએ વિકેટ પાછળ ૧૦ કેસ ઝડપવાની સાથે ધોનીને પાછળ છોડતાં ભારત તરફથી એક ટેસ્ટમાં સૌથી વધુ શિકાર કરવાનો રેકોર્ટ બન્યો હતો. મહેન્દ્ર સિંહ ધોનીએ ૨૦૧૪માં ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાં વિકેટ પાછળ નવ શિકાર કર્યા હતાં. જેમાં આઠ કેચ અને એક સ્ટમ્પિંગ સામેલ હતું. ધોની સિવાય નયન મોંગિયાએ ૧૯૯૬માં ડરબનમાં સાઉથ આફ્રિકા સામે અને ૧૯૯૯માં કોલકત્તામાં પાકિસ્તાન સામે આઠ શિકાર કરતાં બન્નેને પાછળ છોડ્યા હતાં. પોતાની ૩૨મી ટેસ્ટ મેચ રમી રહેલા સહાના નામે હવે કુલ ૮૫ શિકાર થઈ ગયા છે જેમાં ૭૫ કેસ અને ૧૦ સ્ટમ્પિંગ સામેલ છે. તેણે સાથે ફારુખ એન્જિનિયર (૪૬ ટેસ્ટમાં ૮૨ કેચ)ને પાછળ છોડ્યા હતાં. આઠમી વિકેટ માટે ૪૯ રનની ભાગીદારી નોંધાવી હતી. અશ્વિન ૩૭ રન બનાવી આઉટ થયો હતો. ૧૩૧ રનના સ્કોરે અશ્વિન આઉટ થયા બાદ શમીએ પ્રથમ બોલે જ ચોગ્ગો ફટકાર્યો હતો. પરંતુ તેના બીજા જ બોલે આઉટ થતાં ભારતે નવમી વિકેટ ગુમાવી હતી જ્યારે તે પછીના બોલે ફિલાન્ડરે બુમરાહને આઉટ કરતાં ભારતીય ટીમે ૧૩૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

## વર્ષ ૨૦૧૭માં સૌથી વધુ રન બનાવનારા પાંચ બેટ્સમેન,ભારતમાંથી એકમાત્ર કોહલીનો સમાવેશ

મુંબઈ

અમદાવાદવર્ષ ૨૦૧૭ હવે અંતિમ ચરણમાં છે. આ વર્ષે ક્રિકેટ વિશ્વએ ઘણી ઊંચાઈઓ નિહાળી, પરંતુ ક્રિકેટના મેદાન પર ચોગ્ગા અને છગ્ગા વિના મજા કંઈક અધૂરી લાગે છે. આથી આ વર્ષે પણ આ રમતમાં બેટ્સમેનોની બોલબાલા રહી. વર્ષ ૨૦૧૭માં એમ તો ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનોની બોલબોલા રહી, પરંતુ ભારતીય કેપ્ટન વિરાટ કોહલી સામે બધા બેટ્સમેન પાણી ભરતા નજરે પડયા. તાજેતરમાં જ લગ્નના બંધનમાં બંધાનારા ભારતીય કેપ્ટન વિરાટ કોહલી માટે આ વર્ષ કોઈ સ્વપ્ન સમાન બની રહ્યું છે. વિરાટ આ વર્ષે ટેસ્ટ, વન ડે અને ટી-૨૦માં કુલ મળીને સૌથી વધુ રન બનાવનારો બેટ્સમેન રહ્યો છે. વિરાટ કોહલીએ આ વર્ષે એ સિદ્ધિ હાંસલ કરી લીધી છે, જે અન્ય બેટ્સમેન દાયકાઓ સુધી હાંસલ કરી શકતો નથી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ વર્ષમાં સૌથી વધુ રન બનાવવાના મામલે પણ વિરાટ ત્રીજા નંબર પર આવી ગયો છે. જો એક-એક ફોર્મેટની વાત કરવામાં આવે તો વન ડે ક્રિકેટમાં વિરાટ, ટેસ્ટ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્ટીવ સ્મિથ અને ટી-૨૦ ક્રિકેટમાં વિન્ડીઝનો વિસ્ફોટક બેટ્સમેન ઈવિન લૂઈસ સૌથી આગળ છે. આજે અહીં એક નજર આ વર્ષના સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનો પર કરીએ.

## ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ

મનીષ જોશી



વડોદરા

૧૨ મી જાન્યુઆરી એટલે સ્વામી વિવેકાનંદજીનો જન્મ દિવસ.. આ પાવન દિવસે વડોદરા મહાનગર પાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કર્યું હતું. આ મહોત્સવમાં વિવિધ દેશોના પતંગ ઉડાનના કલાકારોએ ભાગ લીધો હતો. વિવિધ રંગ અને આકારના પતંગને ઉડતા જોઈને પતંગ પ્રેમીઓ ભાવવિભોર બન્યા હતા. ઉડતા પતંગ જોઈને ભારત વર્ષનું નામ મુઠેરી ઉંચુ લાગતું હતું.

## "પાલનપુર ખાતે દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ યોજાયો"

પાલનપુર

સર્વ શિક્ષા અભિયાન બનાસકાંઠા દ્વારા પાલનપુર અને અમીરગઢ તાલુકાના દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ શ્રી કે.મા.ચોક્સી પ્રા.શાળા પાલનપુર ખાતે યોજાયો હતો. જેમાં કુલ ૩૪૨ જેટલાં બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બી.આર.સી.કો-ઓર્ડીનેટર આનંદભાઇ મોદી, જિલ્લા આઇ.ઇ.ડી. કો-ઓર્ડીનેટર હરેશભાઇ પરીખ, ડૉ.કિરણ પવાર, ડૉ.મહીન યાદવ, ડૉ.વિકાસસિંગ તેમજ સી.આર.સી.કો-ઓર્ડીનેટર અને બ્લોક સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## લવાણા પે , કેન્દ્ર શાળા માં વાલી સંમેલન યોજાયું



હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

લાખણી તાલુકાના લવણા પે, કેન્દ્ર શાળામાં ગત રોજ વાલી સમલેન અને ભૂતપૂર્વ વિધાર્થીયોનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો શાળાના બાળકોના વાલિ તેમજ સ્કૂલનો સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં જે બાળકોએ અભ્યાસની સાથે સાથે શાળામાં યોજાતી વિવિધ પ્રવુતિયોમાં જિલ્લામાં ભાગ લઈને સફળતા મેળવેલ તેવા બાળકોને પ્રોત્સાહીક ઇનામો આપવામાં આવ્યા હતા તેમજ શાળાના ભૂતપૂર્વ વિધાર્થીયો અને હાલમાં સરકારી સેવા બજાવે છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ગામના સરપંચ રામજીભાઈ રાજપૂત ,પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય હીરાભાઈ વાઘેલા ,બનાસકાંઠા જિલ્લાના ભાજપના મહામંત્રી ટી,પી, રાજપુત, લાખાણી તાલુકાના કૉંગ્રેસના મહામંત્રી ભલજીભાઈ વાઘેલા ,તેમજ આચાર્ય દાસરથભાઈ વાઘેલા સહિત સ્ટાફગણ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ‘‘નવી પેઢીને વિરાટ કોહલી કરતાં વિવેકાનંદના આદર્શની ખુબ જરૂર છેઃ રાજરક્ષિતવિજયજી મ.

નવસારી

તપોવન- નવસારીમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીની પાવન નિશ્રામાં સંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે હિન્દુસ્તાનની ધરતી એટલે ઋષિઓની અને સંતોની ભૂમિ છે. જ્યાં સેંકડો પ્રાણવાન અને પ્રજ્ઞાવાન પુરૂષોએ જન્મ લીધો છે. જેણે આપણી ઋષિ- સંસ્કૃતિ અને મોક્ષભિલાષને જીવંત રાખ્યો છે. નવી પેઢીને સાત્વિક, સંસ્કારી- અને સદાચારી બનાવવા માટે રામ- કૃષ્ણ- મહાવીર- સીતા- અંજના- વિવેકાનંદ- જેવા પવિત્ર પાત્રોના જીવન ચરિત્ર, માતપિતાઓએ સંતાનોને ગળથૂથીમાં કહેવા પડશે. માત્ર માહિતી પ્રધાન આપતી શિક્ષણ સંસ્થાઓએ હવે મૂલ્યપ્રધાન શિક્ષણ આપવા માટે રામાયણ- મહાભારત- ગીતાનો આશ્રય લેવો પડશે. નવી પેઢીને વિરાટ કોહલી કરતાં વિવેકાનંદના આદર્શની વધુ જરૂર છે.પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ કહ્યું કે ભારતીય સંસ્કૃતિના સંસ્કાર, સેલભ અને ગૌરવ જેમના રોમરોમમાં હતા તે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ભારતમાં ‘‘નેશનલ યુથ ડે’’ તરીકે ઉજવાય છે. નવી પેઢી રોલ મોડલ તરીકે ક્રિકેટરો- હીરો-હીરોઈનને રાખતા થયા છે. મોજ- મજા - એશ- આરામની આશામાં ડૂબેલી પ્રજા ફક્ત નોકરી મેળવવામાં જ જીવનનું સર્વસ્વ સમજે છે. તેવા સમયે યુવા વર્ગનો આદર્શ વિભૂતિ વિવેકાનંદ બનવો જોઈએ. માત્ર ૩૯ વરસની લાઈફમાં વિશ્વમાં ડંકો વગાડનાર વિવેકાનંદના વિકાસમાં સૌથી મોટો ફાળો માતા ભુવનેશ્વરી દેવીનો હતો. બાળપણમાં રામાયણની કથાઓ સાંભળી હોવાથી મર્યાદાપુરૂષોત્તમ રામની તેઓના જીવનમાં મોટી અસર પડી હતી. અજંનાનંદન હનુમાનનો બ્રહ્મચર્ય ગુણ તેમને ખુબ ગમતો હતો. નાની ઉંમરમાં મૌલિક પુસ્તકો વાંચવાનો શોખ ખુબ હતો.

નરેન્દ્રનાથ દત્તમાંથી સ્વામી વિવેકાનંદ બનેલાનો ગુરૂકૃપામાં અપાર શ્રદ્ધા હતી. રામકૃષ્ણપરમહંસે મહાપ્રયાણના ચાર દિવસ પૂર્વે સ્વામીજીમાં શક્તિપાત કરી દીધો હતો. શિકાગોની વિશ્વધર્મપરિષદમાં ૧૧ સપ્ટે. ૧૮૯૩ માં ભાષણ આપીને ભારતને વિશ્વમાં ગુંજતું કર્યું હતું. ભારત દેશને આવા વિવેકાનંદની ખુબ જરૂર છે. માટે યૌન શિક્ષણને બદલે યોગશિક્ષણની અતિજરૂર છે.

---

ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

### હેપ્પી બર્થ-ડે જીયાન્સ



પિતા દસરતજી ઠાકોર
માતા : ગીતાબેન (ભીમાણી) ઠાકોર
દાદા કેવળજી. ઠાકોર
જન્મતા, ૧૨,૦૧,૨૦૧૮
ઉ.વ. ૨
મો નં. ૯૭૨૩૮૭૦૩૮૫
સરનામું મુ. કોતરવાડા. તા, દિયોદર ,જી , બી. કે

### જન્મદિન મુબારક

નામ :...................... પતિ/પિતા :......................
માતા : .....................જ.તા. ...............ઉ.વ.
પરિચયઃ ..................................................
સરનામુ : ................................................
મોકલનારની સહી : ........................................